**શ્રી દિલીપ સંઘાણી, શ્રી કૌશિક વેકરિયા, શ્રી મહેશ કસવાળા સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં**

# અમરેલીમાં NO NEXT શો-રૂમનો શ્રી રૂપાલાનાં હસ્તે શુભારંભ

**શ્રી જીજ્ઞેશભાઇ વાકોતેર પરિવાર દ્વારા નો નેક્સ્ટ મેન્સવેર કલોથીંગ બ્રાન્ડના ભવ્ય શોરૂમના ઉદ્દઘાટનમાં શહેરના વિવિધ ક્ષેત્રના આગેવાનોની ઉપસ્થિતિ**

**વિશાળ નેટવર્ક ધરાવતા નો નેક્સ્ટના બીઝનેસ ડેવલોપર શ્રી યુવરાજસિંહ ઝાલા, સૌરાષ્ટ્રના ફ્રેન્ચાઇઝીશ્રી પ્રદિપભાઇ હિરાણીએ મહેમાનોને આવકાર્યા**



તસ્વીરઃ-અરૂણ ભટ્ટ

અમરેલી,(ફીલ્ડ રિર્પોટર) અમરેલીમાં નો નેકસ્ટ મેન્સવેર કલોથીંગબ્રાન્ડનું ગ્રાન્ડ ઓપનિંગ નવાબસસ્ટેન્ડ શોપ નં.૩૮ અને ૩૯ ખાતે પુર્વ કેન્દ્રીય કેબીનેટ મંત્રી અને હાલ રાજકોટના સાંસદ તથા ભાજપના રાષ્ટ્રીય આગેવાન શ્રી પરશોત્તમ રૂપાલાના વરદ હસ્તે ઈફકોના ચેરમેન શ્રી દિલીપ સંઘાણી, ગુજરાત વિધાનસસભભાના નાયબ મુખ્ય દંડક અને અમરેલીના ધારાસભ્ય શ્રી કૌશિક વેકરિયા, ભાજપના પ્રદેશ પ્રવકતા અને સાવરકુંડલાના ધારાસભ્ય શ્રી મહેશ કસવાળા સહિતના રાજકીય આગેવાનોની ઉપસ્થિતિમાં થયું હતુ.

આ અવસરે શ્રી રૂપાલા તથા શ્રી સંઘાણી શ્રી વેકરિયા શ્રી કસવાળાએ શ્રી જીજ્ઞાશભાઈ વાંકોતેરને અમરેલીમાં બ્રાંડેડ શો-રૂમના નો નેકસ્ટના શુભારંભ માટે શુભકામનાઓ પાઠવી હતી. વિશાળ નેટવર્ક ધરાવતા નો નેકસ્ટના બીઝનેસ ડેવલોપર શ્રી યુવરાજસિંહ ઝાલા, સૌરાષ્ટ્રના ફ્રેન્ચાઈઝીશ્રી પ્રદિપભાઈ હિરાણીએ મહેમાનોને આવકાર્યા હતા. નો નોકસ્ટના શુભારંભ પ્રસંગે એનસીટીના સીઈઓ શ્રી અપર્ણ જાની, શ્રી એમએમ પટેલ પ્રોફેસર શ્રી જે.એમ. તળાવિયા, શ્રી પંકજભાઈ જાની, શ્રી બીપીનભાઈ જોશી, જિલ્લા સંઘના પ્રમુખ શ્રી જયંતીભાઈ પાનસુરીયા, ગાંધીનગરથી શ્રી શૈલેશ પરમાર, શ્રી જયસુખભાઈ કસવાળા, શ્રી કમલેશ કોરાટ, શ્રી હિરેન વાળા શ્રી વિજયભાઈ સહિત શ્રી વાંકોતેર પરિવારના સ્નેહીઓ ઉપસ્થિત રહયા હતા.

આ ઉદઘાટન સમારોહ માટે આરએસવીપીના શ્રી મુકેશભાઈ વાકોતર, શ્રી જીજ્ઞેશભાઈ વાકોતર, શ્રી વિરલ વાકોતર, શ્રી પ્રિયાંક વાકોતર, શ્રી દિયા વાકોતર, શ્રી કૃષાંગ વાકોતર અને શ્રી વાંકોતેર પરિવાર દ્વારા મહેમાનોને આવકારવામાં આવ્યા હતા.

**શ્રી મોગલમા માનવ સેવા ટ્રસ્ટ દ્વારા**

## ચલાલામાં રાહત દરે ભોજનાલય ખુલ્લુ મુકાયું

**દાનેવધામનાં પુજ્ય મહાવીર બાપુના વરદ હસ્તે ભોજનાલયનું ઉદ્દઘાટન કરાયું**



ચલાલા, (પ્રકાશ કારીયા) અંશાઅવતાર દાનમહારાજની પાવન ભુમી એવા દાનેવધામ ચલાલા મા શ્રી મોગલમા માનવસેવા ટ્રસ્ટ દ્વારા સંચાલિત 'શિવસાંઈ રાહત દરે ભોજનાલય 'શ્રી દાનમહારાજ ની જગ્યા ના લધુમંહત પુજ્ય મહાવીર બાપુ ના વરદ હસ્તે સંતો મંહતો અને મહાનુભવો ની વિશેષ ઉપસ્થિતી મા ધાર્મિક વાતાવરણ મા ખુલ્લુ મુકી દિપ પ્રાગટ્ય કરાયુ હતુ. ચલાલા પંથક ના સીનિયર સીટીઝન, ના ધંધાર્થી, મજુરીકામ કરતા ભાઈઓ..શારીરીક અશક્ત, વૃધ્ધો..એકલ દોકલ રહેતા પરીવારો, વેપાર માટે બહાર થી આવતા સેલ્સમેનો સહીત ના ઓને એકદમ રાહત ભાવે માત્ર રૂપીયા ૫૦ મા શુધ્ધ સાત્વિક ભરપેટ અનલિમિટેડ ફુલડીસ ,સાંઈનાથ ભગવાન નો ભોજન પ્રસાદ સરળતા થી સુવીધા યુકત બિલ્ડીંગ મા મળી રહે તે માટે શ્રી મોગલમા માનવ સેવા ટ્રસ્ટ ના ટ્રસ્ટી શ્રી રાજેશભાઈ જાની, અને બ્રહ્મ સમાજ ના પ્રમુખ શ્રી લલીતભાઈ મહેતા ની આગેવાની અને તેના માર્ગદર્શન નીચે શિવસાંઈ રાહત દરે ભોજનાલય આજથી ચાલુ કરવા મા આવેલ છે..શારીરીક અશક્ત અને દુર રહેતા સીનિયર સીટીઝનો માટે ધર બેઠા કાયમ ટીફીન પહોચાંડવાની વ્યવસ્થા પણ આ સંસ્થા દ્વારા કરવા મા આવેલ છે. આ કાયઁક્મ મા પુજ્ય મહાવીર બાપુ, ભીમનાથ મહાદેવ મંદિર ના મંહત પુજ્ય શ્રી મયુરબાપુ, જાણીતા કથાકાર શાસ્ત્રી શ્રી ખોડીદાસ ભાઈ મહેતા, આ સંસ્થા ના સહયોગી અને જાણીતા કોન્ટ્રાક્ટર શ્રી હરેશભાઈ કાથરોટીયા, ચલાલા ના સેવાભાવી રત્નશ્રી અશોકભાઈ જોષી, પટેલવાડી ના પ્રમુખ શ્રી ધનશ્યામભાઈ કાકડીયા, રામાનંદી સાધુસમાજ ના પ્રમુખ શ્રી બાલાબાપુ દેવમુરારી, ભૈયલુભાઈ વાળા, પ્રકાશભાઈ કારીયા, ચીમનભાઈ વિઠલાણી, પુર્વસદસ્ય શ્રી અશોકભાઈ કાકડીયા, ચાપરાજભાઈ ધાધલ, અરવિંદભાઈ ઉપાધ્યાય, અશોકભાઈ તલાટીયા, વરીષ્ઠ પત્રકાર શ્રી પ્રતાપભાઈ વાળા, બીપીનભાઈ રાઠોડ, સંજયભાઈ કારીયા, મહીલા આગેવાન શ્રી રેખાબહેન ગોસ્વામી સેંજલ બહેન ભટ્ટ સહીત ના મહાનુભવો ઉપસ્થિત રહી યથા શકિત મુજબ આર્થીક યોગદાન આપ્યુ હતુ...અને સંસ્થા ની નિસ્વાર્થ સેવાકીય પર્વૃતી ને બિરદાવી હતી..ઉપસ્થિત સંતો મંહતો અને મહાનુભવો ને અને સંસ્થા ના સેવક શ્રી મિતેશભાઈ ભટ્ટ ને સંસ્થા દ્વારા શાલ અને પુષપગુચ્છ થી માનભેર સન્માનિત કરાયા હતા..આ કાયર્કમ ને સફળ બનાવવા માટે મુખ્ય સંચાલક શ્રી રાજેશભાઈ જાની, શ્રી લલીતભાઈ મહેતા, જે.ડી. ડોબરીયા, ભુપતભાઈ બારોટ, મિતેશભાઈ ભટ્ટ, દિપમહેતા, વિજયમહેતા, ધર્મેન્દ્ર જાની, રાજુકડીયા, ખિમજીભાઈ કડીયા, મયુર રાજ્ય ગુરૂ, સ્મિત રાઠોડ, સહીત ના સેવકો એ ભારે જહેમત ઉઠાવી હતી અને કાયઁક્મ ને સફળ બનાવ્યો હતો.

## અમરેલી હરિઓમ ડેરી ફાર્મની મુલાકાતે શ્રી મુકેશભાઇ સંઘાણી

**હરિભાઇ બાંભરોલીયાનાં સાહસને બિરદાવ્યું**



અમરેલી, સેવા નાં સાથીદાર અને પરમ સ્નેહી મિત્ર હરિભાઈ બાંભરોલિયા (હરી ઓમ ડેરી ફાર્મ) નું નવું સોપાન અમરેલી શરૂ કરેલ આ અવસરે સારહી યુથ કલબ ઓફ અમરેલી નાં પ્રમુખ શ્રી મુકેશભાઈ સંઘાણી સહ પરીવાર શુભેચ્છા મુલાકાત લીધેલ અને વધુમાં વધુ પ્રગતિ કરતા રહે તેવી શુભકામનાઓ પાઠવેલ, સંકલ્પ - સિદ્ધ હેતુ સાથે પોતાનાં વ્યવસાય ઓમ ડેરી ફાર્મ) નાં નફા માંથી ૧% (રકમ) નું અનુદાન (આજીવન), સારહી યુથ કલબ ઓફ અમરેલી સંચાલિત 'નિરાધાર નો આધાર સારહી તપોવન આશ્રમ નાં (કલ્યાણ) માટે આપવામાં આવશે જે માનવ સેવા એજ પ્રભુ સેવા નું પ્રેરણાદાયી ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે .

**અગાઉ વ્યાજ વટાવની ખોટી ફરિયાદ પણ આપેલી અને કાયદાકીય આટીઘુટી ઉભી કરવા પ્રયાસ કરેલો**

## અમરેલીનાં ચેક રિટર્ન કેસમાં આરોપીને એક વર્ષની સજા અને ૪૫ લાખની રકમ ચુકવવા હુકમ કરાયો

**સીનીયર એડવોકેટ ઉદયન ત્રિવેદીની ધારદાર દલીલોને ધ્યાને લઇ અમરેલીના ચીફ જયુડી. મેજી. શ્રી એન. જે. નાયીએ આરોપીને રૂા. ૪૫,૦૦,૦૦૦ ચુકવવાનો હુકમ કર્યો**



અમરેલી,

આ કામના ફરીયાદી આશીષભાઈ જયંતિભાઈ રાવળે તેમના મિત્ર ભરતભાઈ કારેટીયા વિરૂધ્ધ નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ - ૧૩૮ અન્વયે ફરીયાદ દાખલ કરેલી, જેમાં આજ રોજ તેમને સજાનો હુકમ કરવામાં આવેલ છે. આ કેસની વિગત જોઈએ આશીષભાઈ રાવળે આ કામના આરોપી ભરતભાઈ કારેટીયાને સને-૨૦૧૭ ની સાલમાં રૂા. ૩૦,૦૦,૦૦૦/- મિત્રતાના નાતે હાથઉછીના આપેલ હતા. તે રકમ પરત કરવા માટે આરોપીએ તેમના HDFC બેંકનો ચેક આપેલ હતો. જે ચેક વસુલાત માટે આરોપીના ખાતામાં કલીયરીંગમાં આશીષભાઈએ નાખતા આરોપીના ખાતામાં રૂા. ૩૦,૦૦,૦૦૦/- પુરતુ બેલેન્સ ન હોવાથી આ ચેક થયેલો. જેથી આ કામના ફરીયાદી આશીષભાઈએ તેમના એડવોકેટ મારફતે આરોપીને નોટીસ આપેલ હતી. અને જે નોટીસ પછી પણ આરોપીએ તેની સમય મર્યાદામાં ચેકની વિગતવાળી આ કામના ફરીયાદીને નહીં ચુકવતા તેમણે ચીફ જયુડી. મેજી. કોર્ટ સમક્ષ ફરીયાદ દાખલ કરેલ હતી.

આ કામે ફરીયાદ દાખલ થયા બાદ આ કામના આરોપીએ દાવપેચની ખુબ મોટી લડત આપેલ હતી અને ચાલુ કેસ દરમિયાન કાયદાકીય ઘણી આંટીઘુંટી ઉભી કરવાનો પ્રયત્ન પણ કરેલ હતો.

ચાલુ કેસ દરમિયાન આ કામના ભરતભાઈ કારેટીયાએ આશીષભાઈ વિરૂધ્ધ વ્યાજવટાવની ખોટી ફરીયાદ આપેલી. જે બાબતે પોલીસે તપાસ કર્યા બાદ ગુન્હો નોંધેલો નહીં. પરંતુ ત્યારબાદ જે તે સમયના પોલીસ અધિકારી જતા ફરી વખત આ તકનો લાભ લઈ તા.૦૬-૦૯-૨૦૧૬ ના બનાવની ફરીયાદ તા. ૧૮-૦૭-૨૦૨૪ ના રોજ કરેલી અને તે ફરીયાદમાં આશીષભાઈએ આ કામના આરોપી ભરતભાઈને ૪,૫૦,૦૦૦/- ૨.૫%ના વ્યાજ લેખે તથા રૂા. ૨,૫૦,૦૦૦/- ૨%ના વ્યાજ લેખે એમ કુલ રૂા. ૭,૦૦,૦૦૦/- વ્યાજે આપી અને અવાર નવાર અપશબ્દો બોલી અને પણ કડક ઉઘરાણી કરેલ હોય તે અંગેની ફરીયાદ આપેલી. જે ફરીયાદ આરોપી તરફથી આ કામે કાનુની દાવપેચના ભાગરૂપે રજુ કરવામાં આવેલી અને જે બાબતે ૨૦-૦૭-૨૦૨૪ ના જુદા જુદા વર્તમાનપત્રમાં પ્રસિધ્ધી પણ કરાવેલી. આ કામના આરોપીએ ભુતકાળમાં તેના કુટુંબી કાકા ધનજીભાઈ અમરશીભાઈ કારેટીયા વિરૂધ્ધ પણ આ પ્રકારની ફરીયાદ તેમજ ગોબરભાઈ ભુરાભાઈ સોળીયા વિરૂધ્ધ પણ ફરીયાદ કરેલી અને આ ફરીયાદ થતા તેની સાથે સમાધાન થઈ ગયેલું તે હકીકત પણ તેમણે નામદાર કોર્ટ રૂબરૂ હતી.

તેમજ આ કામના આરોપીએ કાનુની દાવપેચના ભાગરૂપે વિજયભાઈ મનુભાઈ કોઠીવાળ (આહીર) રે. નાના માચીયાળાવાળાને તેમના સાક્ષી તરીકે જુબાની આપવા માટે નામદાર કોર્ટમાં બોલાવેલા નામદાર કોર્ટ રૂબરૂ તેમની જુબાની થયેલ હતી.

આ કેસમાં ફરીયાદ પક્ષે તથા બચાવપક્ષે જુદા જુદા સાક્ષીઓ રજુ થયેલ હતા. તેમજ બંને પક્ષ તરફથી લંબાણ પુર્વકની તથા લેખિત દલીલો રજુ થયેલ હતી અને ત્યારબાદ નામદાર કોર્ટે બંને પક્ષોને સાંભળીને તમામ પુરાવાઓ લક્ષમાં લઈને આ કામના ફરીયાદીએ આરોપી ભરતભાઈ કારેટીયા વિરૂધ્ધ કેસ સાબીત કરેલ હોય તેમને સજા કરવાનો હુકમ કરેલ છે.

આ કામના આરોપીને ભરતભાઈ કારેટીયાને નામદાર કોર્ટે આજરોજ ૧ વર્ષની સજા તથા ચેકની દોઢી રકમ મળી કુલ રૂા. ૪૫,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા પીસ્તાલીસ લાખ પુરા) ચુકવવાનો હુકમ કરેલ છે અને આ રકમ ન ચુકવે તો વધુ ચાર માસની હુકમ અમરેલીના ચીફ જયુડી. મેજી. શ્રી એન.જે. નાયી સાહેબે કરેલ છે.

આ કામે ઉપરોક્ત કેસની કોર્ટમાં ચલાવવામાં આવેલ અને ફરીયાદ પક્ષ તરફથી પોતાનો કેસ સાબીત માટે લેખીત તથા મૌખીક એમ ઘણા પુરાવાઓ રજુ કરવામાં આવેલ. આ કેસમાં ફરીયાદી તર્ફે અમરેલીના સીનીયર એડવોકેટ શ્રી ઉદયન ત્રિવેદી રોકાયેલ હતા.




॥ જય સામેશ્વર ॥
મો. ૯૮૭૯૦ ૧૬૯૭૧
મો. ૯૯૨૫૬ ૧૩૧૮૩
ઉધઈ પ્રવિણભાઈ થી બચો
ઘર, દુકાન, ઓફિસ ઉધઈ પેસ્ટ કન્ટ્રોલ ગેરંટીથી કરી આપશું.
લાઈબ્રેરી રોડ, કિસાન પરા, રાજકોટ ૧૨ વર્ષની ગેરંટી

**પ્લોટ વેચવાનો છે**
અમરેલી G.I.D.C. માં ૩૬૦૦ સ્કે. ફુટનો ખુલ્લો પ્લોટ લાઇટ કનેકશન સાથે એકદમ વ્યાજબી ભાવથી વેચવાનો છે
સંપર્ક : મો.૯૯૧૩૬ ૨૨૨૭૪

**॥ બજરંગ સ્ટીલ ॥**
અમારે ત્યાંથી દરેક કંપનીનાં ISI Tmt જેવા કે ફેન્ડ્સ સ્ટીલ કામધેનુ K-2 લોખંડ (સળીયા), ટાટા સિમેન્ટ, બાઇન્ડીંગ વાયર કવરીંગ, ખીલીઓ તેમજ બિલ્ડીંગ રો મટીરીયલ્સ વિગેરે વ્યાજબી ભાવથી મળશે
ગ્રાહકો નો સંતોષ એ જ અમારો નફો
સ્થળ : લાઠી રોડ બાયપાસ, લાલાવાવ હનુમાનજી મંદિરની સામે, અમરેલી
અતુલભાઇ વી. ધામત (લીલીયાવાળા) મો. ૯૪૨૮૭ ૧૧૯૧૨

અમરેલીનું ગૌરવ **હોટલ રોયલ ફોરચ્યુન**
રૂમ્સ એન્ડ કોફીબાર
A/C રૂમ એન્ડ નોન A/C રૂમ
મેરેજ એનિવર્સરી બર્થડે પાર્ટી પાર્ટી હોલ
ફર્સ્ટનાઇટ બુકીંગ માત્ર રૂા. ૯૯૯/- માં
કેરીયારોડ બાયપાસ, એમેજોન સોસાયટીની સામે, અમરેલી
સંપર્ક : ૯૫૩૭૫ ૦૨૭૭૫, ૭૫૬૭૩ ૪૪૦૯૧

FASTag Easy to Cruise
દરેક વાહનોના ફાસ્ટેગ કઢાવવા માટે મળો
વધુ માહિતી માટે આજે જ સંપર્ક કરો
મિતુલ ટ્રેડર્સ નાગનાથ મંદિર પાસે, નાગનાથ કોમ્પલેક્ષ, અમરેલી મો. ૯૦૩૩૨ ૬૦૦૫૨

## દિવ્યાંગોનાં સશક્તિકરણ માટે ભારત સરકારનાં સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રાલય દ્વારા

# ઇશ્વરીયામાં સામાજીક સશક્તિકરણ શિબિર યોજાઇ

**સાંસદ શ્રી પરશોતમભાઇ રૂપાલાનાં મુખ્ય મહેમાન પદે દિવ્યાંગોને માર્ગદર્શન અપાયું**

**દિવ્યાંગોને અભિનંદન પાઠવતા શ્રી રૂપાલા : અમારા ભાજપનાં ધારાસભ્યો જે કામગીરી કરી રહ્યાં છે તેમાં શ્રી રૂપાલા સાહેબ અમારા માટે જનરેટર જેવા છે : ધારાસભ્યશ્રી કસવાલા**

**ઇશ્વરીયા ખાતે મોટાબાની વાડીમાં એક હજાર જેટલા દિવ્યાંગોને સાધન સહાય**



તસ્વીરઃ-અરૂણ ભટ્ટ

અમરેલી,

ભારત સરકારની એડીપ યોજના અંતર્ગત એલિમ્કો, ઉજ્જૈન દ્વારા તથા જિલ્લા સમાજ સુરક્ષા કચેરી-અમરેલીનાં સહયોગથી 'મોટા બાની વાડી-ઈશ્વરીયા, અમરેલી ખાતે તા.૨૩-૧૦-૨૦૨૪ નાં રોજ દિવ્યાંગોને નિઃશુલ્ક સાધન વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું.

આ કાર્યક્રમમાં પૂર્વ મંત્રીશ્રી, અને સંસદસભ્ય શ્રી પરશોતમભાઈ રૂપાલા, ચેરમેન, ઈફકો શ્રી દિલીપભાઈ સંઘાણી, મુખ્ય દંડક શ્રી કૌશિકભાઈ વેકરિયા, ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા, નેશનલ ટ્રસ્ટનાં બોર્ડ મેમ્બર શ્રી પુજાબેન પટેલ, અમરેલી શહેરી ભાજપ મહામંત્રી શ્રી મેહુલભાઈ ધોરજીયા, શ્રી ભૂપેન્દ્રભાઈ બસિયા, શ્રી પીઠાભાઈ નકુમ, એલીમ્કો મેનજર શ્રી મૃદુલ અવસ્થી, અમરેલી તાલુકા પંચાયત પ્રમુખશ્રી કાબરિયા, વનરાજભાઈ કોઠીવાલ, પ્રદેશ ભાજપ પ્રવક્તા શૈલેષભાઈ, સમિતિની ચેરમેનશ્રી, સામાજિક ન્યાય સમિતિના ચેરમેનશ્રી, મહિલા મોરચાના પ્રમુખ ભાવનાબેન ગોંડલીયા, ઉપસરપંચશ્રી ઈશ્વરિયા ગ્રામ પંચાયત, પ્રાંત અધકારીશ્રી, અમરેલી, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી-જુનાગઢ શ્રી વી. એ. સૈયદ, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી- અમરેલી શ્રી આર.બી ખેર વગેરે ઉપસ્થિત રહેલ.

મહેમાનો દ્વારા દીપપ્રાગટ્યથી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી, શ્રી મહિલા મંડળ-અમરેલીની દીકરીઓ દ્વારા સ્વાગત ગીત રજુ કરવામાં આવેલ, દિવ્યાંગ લાભાર્થી (૧) શ્રી વિજયસિંહ પરમાર (પ્રમુખશ્રી, દિવ્યાંગ ચેરીટેબલ ટ્રસ્ટ) (૨) શ્રી ભૂમીબેન મહેતા (નેશનલ ગોલ્ડ મેડાલીસ્ટ, શુટિંગ પેરા) દ્વારા પોતાની સફળ ગાથાની વાત કરવામાં આવી, ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા, શ્રી પરશોત્તમ રૂપાલા, શ્રી દિલીપભાઈ સંઘાણી, શ્રી કૌશિકભાઈ વેકરિયા કાર્યક્રમને અનુરૂપ અભિવાદન કરવામાં આવ્યું. તથા દિવ્યાંગ ચેરીટેબલ ટ્રસ્ટ-અમરેલી દ્વારા શ્રી પરશોતમ રૂપાલાનું સન્માન કરવામાં આવ્યું હતું.

અમારા ભાજપનાં ધારાસભ્યો જે કામગીરી કરી રહ્યાં છે તેમાં શ્રી રૂપાલા સાહેબ અમારા માટે જનરેટર જેવા છે તેમ સાવરકુંડલાનાં ધારાસભ્ય અને ભાજપનાં પ્રદેશ પ્રવકતા શ્રી મહેશ કસવાલાએ જણાવ્યું હતું. આ કાર્યક્રમમાં કુલ ૫૭૬ દિવ્યાંગ વ્યકિતઓને ઈલેક્ટ્રિક સાયકલ, સાદી સાયકલ, વ્હીલચેર, સી.પી.વ્હીલચેર, કૃત્રિમ હાથ કે પગ, વોકિંગ સ્ટીક, હિયરીંગ એઈડ, સ્માર્ટ મોબાઈલ ફોન જેવા રૂ.૧.૫૧ કરોડનાં કુલ ૯૨૪ સાધનોનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું.

## દિવ્યાંગોનાં સશક્તિકરણ માટે મહત્વનું કાર્યકરનાર

# શ્રી પરશોત્તમ રૂપાલાનું ઇશ્વરીયા ખાતે સન્માન કરતા દિવ્યાંગો

**દિવ્યાંગ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ અમરેલી દ્વારા દિવ્યાંગો માટે ભગીરથ કાર્ય કરનાર શ્રી રૂપાલાનો આભાર વ્યક્ત કરાયો**



તસ્વીરઃ-અરૂણ ભટ્ટ

અમરેલી,

દિવ્યાંગોનાં સશકિત કરણ માટે તેમને સાધન સહાય માટે મહત્વનું કાર્યકરનાર શ્રી પરશોત્તમ રૂપાલાનું ઈશ્વરીયા ખાતે દિવ્યાંગો દ્વારા સન્માન કરાયું હતું.

દિવ્યાંગ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ અમરેલી દ્વારા દિવ્યાંગો માટે ભગીરથ કાર્ય કરનાર શ્રી પરશોત્તમ રૂપાલાનો આભાર વ્યકત કરાયો હતો.

## અમરેલી તાલુકા ભાજપ પ્રમુખ શ્રી ઘનશ્યામ ત્રાપસીયા દ્વારા

# ઇશ્વરીયા ખાતે સાંસદશ્રી પરશોત્તમ રૂપાલાને ભાજપનાં સક્રિય સભ્ય બનાવી અભિયાનનો શુભારંભ કરાયો

**ભાજપનાં સક્રિય સદસ્યતા અભિયાનનાં શુભારંભ સાથે તા. ૩૧મી ઓક્ટોબર સુધી કાર્યકર્તાઓ સક્રિય સભ્ય બનવા માટે ફોર્મ ભરશે**



તસ્વીરઃ-અરૂણ ભટ્ટ

અમરેલી,

આજરોજ ઈશ્વરીયા ખાતે ભાજપનાં સક્રિય સદસ્યતા અભિયાન અંતર્ગત રાજકોટનાં સાંસદશ્રી પરશોત્તમ રૂપાલાને ભાજપનાં સક્રિય સભ્ય બનાવી અમરેલી તાલુકા ભાજપ પ્રમુખ શ્રી ઘનશ્યામ ત્રાપસીયા દ્વારા સદસ્યતા અભિયાનને વેગવંતુ બનાવાયું હતું.

આ અવસરે ઈફકોનાં ચેરમેન શ્રી દિલીપ સંઘાણી, ભાજપનાં ઉપપ્રમુખ શ્રી ભુપેન્દ્ર બસીયા, શ્રી મેહુલભાઇ ધોરાજીયા, શ્રી વનરાજભાઇ કોઠીવાળ, શ્રી હિરેન વાળા, શ્રી રમેશ શીંગાળા સહિતનાં કાર્યકરો ઉપસ્થિત રહ્યાં હતાં. આજે મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલને ભાજપનાં સક્રિય સદસ્ય બનાવી શ્રી પાટીલ દ્વારા અભિયાનને વેગવંતુ બનાવાયું છે. તા.૩૧મી ઓક્ટોબર સુધી ભાજપનાં કાર્યકર્તાઓ સક્રિય સભ્ય બનવા માટે ફોર્મ ભરશે.


ટીપટોપ પ્લાઝા, 'રાજકમલ ચોક' અમરેલી
પ્રસંગ તમારો, આંગણીયું અમારૂ
બોનાન્ઝા બેન્કવેટ
કલાપી બેન્કવેટ
ગુલમહોર ફંકશન હોલ
લગ્ન માટે • સંગીત-સંધ્યા • ચાંદલાવીધી • રીસેપ્શન • બર્થ-ડે-પાર્ટી • શ્રીમંતવીધી • ઓરકેસ્ટ્રા પ્રોગ્રામ • માતાજીના ભજન ડાયરો • મુંડન-સંસ્કાર • નાટક • સ્કુલ • એન્યુઅલ ફંકશન • કંપની કોર્પોરેટ બેસણું • પ્રાર્થનાસભા • ડીસ્ટ્રીબ્યુટર મીટીંગ • એવોર્ડ ફંકશન
તેમજ નાના-મોટા શુભપ્રસંગો માટે ૭૦ થી ૨૫૦ લોકોની કેપેસીટી સુધી આધુનિક સગવડતાઓ સાથે - એસી ફંકશન હોલ, બેન્કવેટ હોલનું બુંકીંગ ચાલુ છે.
સંપર્ક : પિનાકીન ચિત્તલીયા
મો.૯૮૨૦૦ ૨૮૦૦૪, ૮૩૫૬૮ ૪૯૧૯૩


## વડોદરામાં આવકવેરા વિભાગની ટીમે બે બિલ્ડરોની ઘરે દરોડા પાડયા


|| ૐ નમો નારાયણ || || શ્રી ઉમિયા માતાયે નમઃ || || જય ગોવર્ધન નાથજી ||
94281 90118
યુવાનોને ક્રેઝી બનાવતું... દિવાળી કલેક્શન
ઉમિયા ફેશન
બ્રાન્ડેડ શર્ટ, પેન્ટ, ટી શર્ટ, ટ્રેક પેન્ટ
M to 5 XL અને 50 લંબાઈ સુધી પેન્ટ
એક જ ભાવ
ફોર્મલ પેન્ટ
પાર્ટીવેર પેન્ટ
હાફ સ્લીવ શર્ટ
કોલર પોકેટ ટી-શર્ટ
સ્ટેશન રોડ, સિલ્વર પેલેસ, પુજારા મોબાઈલ સામે, અમરેલી - 365601 (નાના આંકડીયા વાળા)



POLO PLUS પોલો પ્લસ CONTAINERS
અમને ગૌરવ છે, કે અમે ગુજરાતી છીએ
અમે સસ્તી નહીં
શ્રેષ્ઠ પ્રોડકટ બનાવીએ છીએ...
100 - 150 200 - 300 લીટર માં ઉપ્લબ્ધ
૧૦૦% ફુડ ગ્રેડ મટીરીયલ્સ
500 થી 10000 લીટર ની વિશાળ રેન્જ માં ઉપ્લબ્ધ
9 YEAR WARRANTY
14 વર્ષ ની ગેરંટી
વધુ વિગત માટે સંપર્ક કરો
મો. ૯૯૦૯૬ ૦૯૬૯૬

AVADH TIMES DAILY
સત્યમેવ જયતે
અવધ ટાઇમ્સ
તા.૨૪-૧૦-૨૦૨૪ ગુરૂવાર

# અર્થતંત્રના : દેશ ઘડીક પ્રગતિ કરે છે ને વળી પાછો મંદીમાં કેમ ફસાઈ જાય છે?

ચીન અને રશિયા બંન્ને દેશોના સામ્યવાદી શાસકોની એ કુનેહ લોકશાહી દેશોમાં ટીકા અને પ્રશંસાના અજાયબ સંમિશ્રણથી વહેતી થયેલી છે કે એ દેશોમાં ક્યારેય મુખ્ય સમસ્યાઓ મુખ્ય નથી હોતી, ગૌણ હોય છે. એ એમના શાસનની કહો કે વિશેષતા પણ એ જ કારણે ત્યાં સ્વતંત્રતાની હવા ફરકી શકતી નથી. હોંગકોંગમાં સ્થાનિક પોલીસે હમણાં આંદોલનકારીઓ પાસેથી દસ મિલિયન ડોલરનું ફંડ ઝડપી પાડ્યું. હકીકતમાં એ ફંડ ચીનના જ કેટલાક ઉદ્યોગપતિઓએ પહોંચાડયું હતું જેઓ ચીની સરકારના સકંજાથી હવે તંગ આવી ગયા છે. તમામ ઉત્પાદન પ્રક્રિયાઓ પર સરકારનો વધુ અંકુશ આ નવી વૈશ્વિક મંદીમાં સહન થાય એમ નથી. ચીન અને રશિયાના શાસકો એકાદ ગૌણ અને સાવ નગણ્ય સમસ્યાને એવી રીતે ચગાવે છે કે એના ઉછાળામાં પ્રજા અટવાઈ જાય છે અને દેશના તમામ વિકરાળ પ્રશ્નો હાંસિયામાં ધકેલાઈ જાય છે.ભારત દુનિયાની સૌથી મોટી અર્થવ્યવસ્થા તરીકે પાંચમા ક્રમે હતું. આ પહોંચતા ભારતને દાયકાઓ લાગ્યા હતા. એના પછી વિશ્વબેન્કે જાહેર કર્યા પ્રમાણે ભારત સાતમા ક્રમે બે પગથિયા નીચે ઉતર્યું હતું એ જમાનો ગયો ને હવે ફરી ઊંચે ચડીને દુનિયાની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવા તરફ છે. બ્રિટન અને ફ્રાન્સ બન્ને દેશો ભારતથી પાછળ હતા જે આગળ પાછળ થયા જ કરે ફ્રાન્સમાં શસ્ત્ર કૌભાંડો અને રાજકીય જાસૂસીના પ્રકરણો સદાય ચર્ચામાં હોય છે. બ્રિટનમાં લોકશાહી એટલી બધી સોળેય કળાએ ખીલી છે કે બદલતા રહેતા લોકમતનું મૂલ્યાંકન કરવામાં અને એ પ્રમાણે શાસન કરવામાં અત્યન્ત ઊંચા સ્તરના રાજનેતાઓ પણ ગોથું ખાતા રહ્યા છે. છતાં એ ફ્રાન્સ અને બ્રિટન અસમંજસના વરસમાં જ વિક્રમ રૂપ કરી રહ્યા છે. એનું એક જ કારણ છે કે ત્યાં રાજકારણ અને અર્થકારણની ભેળસેળ નથી.

ભારતમાં કેન્દ્ર સરકાર જાણે છે કે લઘુઉદ્યોગો સમગ્ર અર્થતંત્રની કરોડ રજ્જુ છે. આ વરસે ગયા મહિને સપ્ટેમ્બર પછી લઘુ ઉદ્યોગોને કંઈક કળ વળી છે કે કેટલાક હવે ફરી શરૂ થવા લાગ્યા છે. પરંતુ બજારમાં રૂપ બદલાતા રહે છે. વેપારીઓ ખુદ ધંધાની રુખ પારખી શકતા નથી અને એમના અનુભવો નજીકના ભવિષ્યનો તાગ મેળવવામાં કંઈ કામમાં આવતા નથી. ડિમાન્ડનું પતન થતા બજારમાં ગ્રાહકો ઘટી ગયા છે ને મુલાકાતીઓ વધી ગયા છે. મુલાકાતી આવે છે તો ગ્રાહક થવા જ પણ છેવટે કોઈક રહસ્યમય પરિબળ એને અટકાવે જે મંદીનો મૂળભૂત પ્રભાવ છે. દેશના સામાન્ય બજારોમાં દુકાનદારો અત્યારે વેચાણ અને પ્રોડક્ટ બદલાવવાના અખતરાઓ પણ કરતા દેખાય છે. જ્યાં કપડાંની શોપ હતી તે હવે બુટચપ્પલની શોપ છે. ફરી જશો ત્યારે કરિયાણાની હશે અને એના પછી મેડિકલ સ્ટોર પણ હોઈ શકે. અનેક વેપારીઓએ પોતાની વરસો જૂની વ્યાપારિક પરંપરા બદલાવી અને તો પણ તેઓ જે ડિમાન્ડ શોધે છે એ એમના શોપ તરફ આવી નથી.

અમેરિકાનું અર્થતંત્ર નંબર વન પર હતું અને હજુ એ સ્થાન એણે જાળવી રાખ્યું છે. ચીન જેવા વ્યાપારિક માંધાતાને પછાડવામાં સતત એકાગ્ર રહેવા છતાં બાઈડને બહુ કુશળતાથી પોતાનું ઘર સાચવી લીધું છે. કારણ કે તેઓ પોતે કામનાઓથી ધરાઈ ગયેલા છે. એમને પોતાના ડંકા વગાડતા રહેવામાં કોઈ રસ નથી. અરવિંદ કેજરીવાલ એમાંથી જ શીખ્યા છે કે કામ કરો એટલે ડંકા આપોઆપ વાગશે. ભાજપની જે અનિશ્ચિત અને સતત બદલતી નીતિઓ છે, એનો દેશના અર્થતંત્રને ગેરલાભ વધુ અને લાભ ઓછો થયો છે. ભાજપે એનડીએનું નેતૃત્વ લઈ કેન્દ્રમાં ઉપરાઉપરી અને ઝાંખી થતી જતી હયાતીના એટલે કે ટેકાને બળે સરકાર બનાવી પરંતુ પાછલી અને બીજીવારની શાસન પ્રણાલિકાની ભૂલોમાંથી એણે કોઈ જ બોધપાઠ ન લીધો. ભારત એક વિશિષ્ટ પ્રકારની રાજસ્વીતાથી મુખરિત દેશ છે. એમાં બંધારણ તો એક આધારશીલા છે પરંતુ અલિખિત પણ ઘણું છે અને એ પણ દરેક સરકાર જાણતી હોય છે. લિખિતમાં સત્તાઓ વધારે પ્રાપ્ત થાય છે અને અલિખિત પરંપરામાં કેન્દ્ર સરકારની જવાબદારીઓ વધુ ફિક્સ થાય છે. આજે ભાજપ તરફ લોકમત જે વિવિધ બહાને તબક્કાવાર બદલાતો જાય છે એનું કારણ એક જ છે કે સામાન્ય બુદ્ધિથી પ્રજા હિત હૈયે રાખીને જે જવાબદારીઓ સરકારે અદા કરવાની છે એમાં કેન્દ્ર પાની કરે છે. અને એનું જ પ્રતિબિંબ અર્થકારણમાં સરવાળે વ્યક્ત થાય છે. ભારત એક દેશ તરીકે પ્રચંડ શક્તિશાળી છે. એની શક્તિઓની સુગ્રથિતતા જ નવા ભવિષ્યનું નિર્માણ કર્યા કરે. પરંતુ વારંવાર એ આંતરિક ક્ષમતાઓ વિચ્છિન્ન થયા કરે અને વ્યર્થ નકારાત્મકતા જ સપાટી પર આવે તો ભવિષ્ય પર ધુમ્મસ છવાઈ જાય.

### ૨૦૧૯ની સાલમાં સગીરવયની કિશોરી સાથે અપકૃત્ય કરેલ તે

# રાજુલામાં સગીરાનાં અપહરણ અને બળાત્કારનાં કેસમાં ૨૦ વર્ષની કેદ

### રાજુલા એડીશ્નલ ડીસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ અને સ્પેશ્યલ પોક્સો કોર્ટમાં કેસ ચાલી જતા આપેલો ચુકાદો

રાજુલા, (કનુભાઈ વરૂ)

જીલ્લામદદનીશસરકારીવકીલ બી.એમ.શિયાળની ધારદાર દલીલ રાજુલા એડીશનલ સેશન્સ અને સ્પેશયલ (પોકસો) કોર્ટના જજ, ડી.સી.ત્રિવેદીએ મૌખીતદલીલ તથા દસ્તાવેજી પુરાઓ માન્ય રાખી આરોપી તુલસીભાઈ ઢાપારે.પટવાતા.રાજુલાવાળાને કસુરવાર માનેલ છે.આરોપી તુલસીભાઈ ઉકાભાઈ ઢાપા રે. પટવા તા.રાજુલાવાળાએ સને ૨૦૧૯ ની સાલમાં સગીર વયની કીશોરી સાથે ઈરાદાપૂવક બળજબરીથી અપહરણ કરી બળાત્કાર કરી ભોગબનનાર સાથે અપકૃત્ય કરેલ તેની ફરીયાદ ભોગબનનારના વાલીએ કરેલ તે ફરીયાદ ચાલી જતા આઈપીસી કલમ ૩૭૬ ના ગુન્હામાં ૨૦ વર્ષે ની સખત કેદની અને રૂા.૨૦,૦૦૦/-નોદંડ,તથાપોકસોએકટની કલમ ૪,૮,૧૮ ના ગુન્હામાં તકસીરવાન ઠરાવેલ હોય અલગ અલત સજા નહી કરતા એકસાથે ૨૦વર્ષની સખત કેદની સજા અને ભોગબનનારનેવીકટીમ કોમ્પેનસેશન મુજબ રૂા.૫૦,૦૦૦/-પચાસ હજાર વળતર ચુકવવાનો હુકમ કરેલ છે. આ હુકમથી જીલ્લા ભરમાં આ પ્રકારના ગુના કરવાની ટેવ વાળા આરોપીમા ફફડાત ગયેલ છે.તેમજ સમાજમાં આવા પ્રકારના ગુન્હા થતા અટકાવવામાં આ ચુકાદો મદદ રૂપ થશે.

## સરકારી પીપળવાની સીમમાંથી સનેડો વાહન ચોરાયું

### કોઈ શખ્સે વાડીમાં પ્રવેશી રૂા.૫૧ હજારનું વાહન ચોરી ગયાની ફરિયાદ

અમરેલી,(ક્રાઈમ રીપોર્ટર)

લાઠી તાલુકાના સરકારી પીપળવા ગામે ગોરધનભાઈ વશરામભાઈ લીંબાસીયા ઉ.વ. ૬૦ ની વાડીમાં તા. ૨૧-૧૦ના મોડીરાત્રિથી તા. ૨૨-૧૦ના વહેલી સવાર દરમ્યાન કોઈ તસ્કરોએ વાડીમાં ગેરકાયદેસર પ્રવેશ કરી ખુલ્લા ફરજામાં મુકેલ સિલ્વર કલરનો સનેડો વાહન રૂ/.૫૧,૦૦૦ ની કિંમતનું ચોરી ગયાની લાઠી પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## વડિયાના દેવગામમાં તસ્કરોએ મકાનમાં હાથફેરો કર્યો

### રૂમમાંથી રોકડ અને ચાંદીના દાગીના મળી રૂા. ૨૪ હજારની ચોરીની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) વડિયાના દેવગામમાં તા. ૨૧-૧૦ના સવારના ૧૦થી સાંજના ૫:૪૫ સુધીમાં મુકેશભાઈ સંતોષભાઈ મયાત્રાના મકાનની વંડી ટપી કોઈ તસ્કરોએ ઘરમાં પ્રવેશ કરી રૂમના દરવાજા ખોલી રૂમમાં રાખેલ અનાજ ભરવાની પેટીમાંથી રોકડ રૂ/.૨૦,૦૦૦ તથા બીજા રૂમમાં રાખેલ તીજોરીના તાળા તોડી ચાંદીનું મંગલસુત્ર રૂ/.૨૦૦૦, તથા ચાંદીના છડા રૂ/.૨૦૦૦ મળી કુલ રૂ/.૨૪,૦૦૦ની માલમતા ચોરી કરી બાજુમાં રહેતા ડાયાભાઈ ખીમાભાઈ મયાત્રાના બંધ મકાનના રૂમના દરવાજાનો નકુચો તોડી ચોરી કરવાની કોશીશ કરી ગુનો કર્યાની વડિયા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## અમરેલી જીલ્લામાં એક વાહન ચાલક સહિત ૧૯ નસેડીઓને ઝડપી લીધા

### જુદા જુદા સ્થળોએથી નશો કરી રાજપાઠમાં નીકળતા શખ્સોની પોલીસે સરભરા કરી

અમરેલી,અમરેલી જીલ્લામાં એક વાહન ચાલક સહિત ૧૯ શખ્સો જુદા જુદા સ્થળોએ નશો કરી રાજપાઠમાં નીકળતા પોલિસે ઝડપી લઈ જેલની હવા ખવડાવી સરભરા કરી હતી. જેમાં અમરેલી સીટી, અમરેલી રૂરુલ, જાફરાબાદ મરીન, જાફરાબાદ ટાઉન, સાવરકુંડલા રૂરલ, મરીન પીપાવાવ, ધારી, સાવરકુંડલા ટાઉન પોલિસ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

## અમરેલીનાં ચકકરગઢ રોડ ઉપર રહેતી સગીરાનું અપહરણ કરાયું

### લગ્ન કરવાની લાલચ આપી એમપીનો શખ્સ ભગાડી ગયો

અમરેલી,(ક્રાઈમ રીપોર્ટર) અમરેલી ચકકરગઢ રોડ નારણભાઈ કાછડીયાના મકાન પાછળ ઝુંપડામાં રહેતા એમપીના શ્રમિક પરીવારની સગીર દિકરીને નાની ઉંમરની હોવાનું જાણવા છતા એમપીના અજય ઉર્ફે ,વિજયો રામસિંગભાઈ નીનામા લગ્ન કરવાની લાલચ આપી લલચાવી ફોસલાવી બદઈરાદે ઘરેથી અપહરણ કરી લઈ જઈ ગુનો કર્યાની સગીરાના પિતાએ અમરેલી રૂરલ પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

### તને બહું હવા છે અહીં માલઢોર ચરાવતો નહી તેમ કહી

## વડિયાના સનાળીમાં યુવાન ઉપર હુમલો

### ચાર શખ્સોએ પાઈપ, કુહાડી, લાકડી વડે મારમારી ધમકી આપી

અમરેલી,(ક્રાઈમ રીપોર્ટર) વડિયાના સનાળી ગામે તાલાળી રોડ ઉપર દેવજીભાઈ અરજણભાઈ સુસરા ઉ.વ. ૩૭ પોતાના માલઢોરના વાડા પાસે જતા હોય. તે દરમ્યાન જાહેર રસ્તામાં ઓઘડ કાબાભાઈ બાંભવાએ ઉભા રાખી ઓઘડ તથા અલ્કેશ થોભણભાઈએ દેવજીભાઈને કહેલ કે તને બહુ હવા છે. અહીં માલઢોર ચરાવતો નહી. તેમ કહી ઓઘડે પાઈપ માથામાં મારી અલ્પેશે પાઈપ લઈ તથા લાલજી ભીખાભાઈ બાંભવાએ કુંડલીવાળી લાકડી વડે તથા સવજી કાબાભાઈ બાંભવાએ કુહાડી લઈ આવી કુહાડી વડે શરીરે આડેધડ મુંઢમાર મારેલ. તે દરમ્યાન તેજલબેન દેવજીભાઈને બચાવવા વચ્ચે આવતા ચારેય શખ્સોએ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી પોતાના હથિયાર સાથે જતા રહી દેવજીભાઈને માથામાં ૬ ટાંકા લાવી એકબીજાએ મદદગારી કરી ગુનો કર્યાની વડિયા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## રાજુલા પો. સ્ટે. નાં ભારતીબેન પરમારનું સન્માન કરતા ગૃહમંત્રી શ્રી હર્ષ સંઘવી

### આઇજી શ્રી ગૌતમ પરમાર, એસપીશ્રી હિમકરસિંહ, નાયબ દંડક શ્રી કૌશિક વેકરીયાની ઉપસ્થિતિ



અમરેલી,

રાજુલા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા ભારતીબેન પરમાર/ વેગડાની પ્રશંસનીય કામગીરી બદલ રેન્જ આઈ.જી શ્રી.ગૌતમ પરમાર, અમરેલીના એસ.પી શ્રી હિમકરસિંહ અને વિધાનસભાના મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા ની ઉપસ્થિતિ વચ્ચે અમારા બેન શ્રી ભારતીબેન પરમાર/વેગડાનું સન્માન રાજ્યના યશસ્વી ગૃહ મંત્રી હર્ષભાઈ સંઘવી દ્વારા થતા આવકારવામાં આવ્યા હતા.

## અમરેલી યુનિટી હાઇસ્કુલનાં કર્મચારીને નિવૃતિ વિદાયમાન અપાયું : સન્માન

### ટ્રસ્ટીઓ, આચાર્ય અને શાળા પરિવારે શાલ ઓઢાડી સન્માન કર્યું

અમરેલી,અમરેલી યુનિટી હાઈસ્કુલમાં કર્મચારી ડી.બી.તલપદે વય મર્યાદાને કારણે નિવૃત થતા તા. ૨૧-૧૦ સોમવારનાં ટ્રસ્ટી મંડળનાં મંત્રી ડી.જી.મહેતા, ટ્રસ્ટી પેઈન્ટર ડી.જી.મહેતા, જિલ્લા હોમગાર્ડ કમાન્ડર તેમજ જીજીબેન ફોરવર્ડ ગર્લ્સ હાઈસ્કુલનાં પ્રિન્સીપાલ રોહિતભાઈ મહેતા અને શાળાનાં આચાર્ય ડી.ડી.મહેતા તેમજ શાળા પરિવારે તેમનું નિવૃત શ્રેષ્ઠ જીવન દિર્ઘાયુ અને સુખમય નિવડે તેવા આશિર્વચન સાથે શાલ ઓઢાડી પુષ્પગુચ્છ અર્પણ કરી સન્માન કર્યુ હતું.

## રાજુલા નજીક ભંડારીયા દાદાનો થાળ ધરાવાયો

### સાળંગપુર હનુમાનજી મંદિર બાદ ભંડારીયા હનુમાન મંદિરનું એટલું જ મહાત્મય



રાજુલા, (કનુભાઈ વરૂ)ગઢડા દરબાર દાદાખાચર ની જાન સ્વામિનારાયણ ભગવાન અહીં જાફરાબાદના ભટ્ટવદર મુકામે લઈને આવેલા હતા ત્યારે ગોપાળાનંદ સ્વામીએ ભુરખીયા હનુમાનજી મંદિર તેમજ સાળંગપુર હનુમાનજી મંદિરની સ્થાપના કરી હતી સાથેસાથે રાજુલા તાલુકાના ભાક્ષી મુકામે આવેલ ભંડારીયા હનુમાનજીની સ્થાપના પણ ગોપાળાનંદ એ કરી હતી અહીં શનિવારે ભવ્ય પ્રસાદનું મહત્વ રહેલું છે. રાજુલા જાફરાબાદ અને ખાંભા વિસ્તારમાંથી અનેક હનુમાનજીના ભક્તો શનિવારે ભંડારીયા દાદા નો લોટ એટલે કે પ્રસાદનું આયોજન કરે છે અને આ વિસ્તારના હનુમાન ભક્તો અનોખી આસ્થા ધરાવે છે ત્યારે આ જગ્યાનો વિકાસ થાય તે દિશામાં પણ સરકાર આગળ વધે જરૂરી છે. આજરોજ રાજુલાના જીતુભાઈ મહેતા વાવડી વાળા પરિવાર તરફથી ભંડારીયા દાદા એ થાળ આયોજન કરવામાં આવ્યું હતું જેમાં રાજુલા જાફરાબાદ વિસ્તારમાંથી બહોળી સંખ્યામાં ભાવિક ભક્તો પડ્યા હતા. અધિકારીઓ પદાધિકારીઓ સહિતના શહેરીજનો અને હનુમાનજીના ભક્તો આજે શનિવારના પાવન દિવસે આપ ભોજન પ્રસાદના આયોજનમાં જોડાયા હતા આ પ્રસાદમાં મધ્યાન ભોજન પ્રમુખ કમલેશભાઈ વરુ તથા ભગીરથભાઈ મામલતદાર તથા વિડીયો ભરતભાઈ કલસરિયા મંત્રીઓ તથા રાજુલા શહેરના આગેવાનો સહિત ઉપસ્થિત રહ્યા હતા.

## ચલાલામાં ટ્રાફીકને અડચણરૂપ લારીધારક સામે ગુનો નોંધાયો

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર)ચલાલામાં આકાશભાઈ રવજીભાઈ સોલંકી પોતાની શાકભાજી વેચવાની લારી ટ્રાફીકને અડચણરૂપ તથા આવતા જતા રાહદારીઓને અડચણરૂપ થાય તેવી રીતે રાખી મળી આવી ગુનો કર્યાની હે. કોન્સ. રમેશભાઈ વાળાએ ચલાલા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

### બારપટોળી હત્યાના ગુનામાં મહિલા આરોપીને અટક કરી

# રાજુલાના બારપટોળીમાં મારામારીમાં મોત નિપજતા હત્યાનો ગુનો નોંધાયો

### લાકડી, પાઇપ વડે માથાના ભાગે ગંભીર ઇજા કરી સારવાર દરમિયાન મોત નિપજાવ્યાની ફરીયાદ

રાજુલા,(જયદેવ વરૂ)

રાજુલા તાલુકાના બારપટોળી ગામે ખાંભા તાલુકાના જામકા ગામના ભોપાભાઈ ચીથરભાઈ મકવાણાના દિકરા મનુભાઈ ઉર્ફે મામૈયાભાઈ ઉ.વ. ૩૩ તેના મિત્ર નાગભાઈ દડુભાઈ વણજર વાળાને બારપટોળીની એકતાબેન હમીરભાઈ લાખણોત્રા સાથે પ્રેમ સબંધ હોય જેથી આ કામના આરોપી એકતાબેન, કનુ બાબુભાઈ લાખણોત્રા, નાગવાસુરભાઈ વાઘ તથા અન્ય પાંચ અજાણ્યા શખ્સોએ પુર્વ આયોજીત કાવતરૂ રચી આ કામના આરોપી એકતાબેને પ્રેમી નાગભાઈ દડુભાઈ વણજરને જુની બારપટોળી ગામે મળવા બોલાવતા તેઓ તથા તેના મિત્ર મનુભાઈ ઉર્ફે મામૈયા ઉ.વ. ૩૩ બાઈક લઈ બારપટોળી ગામે એકતાબેનને મળવા આવતા રસ્તા વચ્ચે આરોપીઓએ રચેલ પુર્વ આયોજીત કાવતા મુજબ આરોપી કનુ બાબુભાઈ તથા નાગભાઈ વાસુર તથા અજાણ્યા પાંચ શખ્સોએ ગેરકાયદેસર મંડળી રચી એક સંપ કરી લાકડી તથા પાઈપ વડે નાગભાઈ દડુભાઈ તથા મનુભાઈ ભોપાભાઈ મકવાણા ઉપર હુમલો કરેલ. જેમાં નાગભાઈ પોતાનો જીવ બચાવવા નાસી ગયેલ જ્યારે મનુભાઈ ભોપાભાઈ મકવાણાને આરોપીઓએ લાકડી અને પાઈપ વડે માર મારી માથાને ભાગે ગંભીર ઈજા કરતા રાજુલાથી મહુવા અને ત્યાંથી ભાવનગર સિવીલ હોસ્પિટલમાં ફરજ પરના ડોક્ટરે મનુભાઈને તપાસીને માથાના ભાગે ગંભીર ઈજા થવાને કારણે મોત નિપજયાનું જણાવતા આ બનાવ અંગે આરોપીઓ સામે રાજુલા પોલીસ મથકમાં ભોપાભાઈ ચીથરભાઈ મકવાણાએ ફરીયાદ નોંધાવતા આરોપી એકતાબેનની અટકાયત કરવામા આવી છે જ્યારે અન્ય આરોપીઓને ઝડપી લેવા પોલીસે ચક્રોગતિમાન કર્યા છે આ બનાવની તપાસ પીઆઈ વી.એમ. કોલાદરા ચલાવી રહયા છે.

## સાવરકુંડલામાંથી એલસીબીએ ૮૬ બોટલ ઇંગ્લીશ દારૂ સાથે એકને ઝડપી પાડયો

### ઇંગ્લીશ દારૂ, મોબાઇલ સહિત રૂા. ૩૮,૫૧૯ નો મુદામાલ કબ્જે



અમરેલી,

અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહ દ્વારા દારૂની બદી દુર કરવા અને દારૂની ગેરકાયદેસર પ્રવૃતિ કરા શખ્સો ઉપર વોચ ગોઠવી પકડી પાડવા જરૂરી માર્ગદર્શન આપેલ હોય જે અન્વયે અમરેલી એલસીબીના પીઆઈ એ.એમ.પટેલની રાહબરી હેઠળ એએસઆઈ ઘનશ્યામભાઈ મકવાણા, મહેશભાઈ સરવૈયા, અજયભાઈ સોલંકી તથા પો.કોન્સ. ઉદયભાઈ મેણીયા દ્વારા ચોક્કસ બાતમીના આધારે શીલ્પેશ બાબુભાઈ વાળા રહે.સાવરકુંડલા કાપેલ ધાર વાળાને અલગ અલગ બ્રાન્ડની ૮૬ બોટલ ઈંગ્લીશ દારૂ, એન્ડ્રોઈડ મોબાઈલ મળી કુલ રૂા. ૩૮,૫૧૯ ના મુદામાલ સાથે ઝડપી પાડયો હતો. જ્યારે આ ગુનામાં પ્રતિક ઉર્ફે મોરલી કાળુભાઈ આંબલીયા રહે.સાવરકુંડલા તથા સાગર ચતુરભાઈ સરૈયા રહે. ધજડીવાળાને ઝડપી લેવા ચક્રોગતિમાન કર્યા છે.

## રાજુલામાં જુગાર રમતા ૬ મહિલાઓ ઝડપાઈ

### જુગારના પટમાંથી રોકડ રૂા. ૧૦ હજાર ઉપરાંતની રકમ કબ્જે

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર)રાજુલા યાદવ ચોક પાસે આવેલ મનુભાઈ કાંધમણાના મકાન પાસે હારજીતનો જુગાર રમતા નર્મદાબેન ઉર્ફે ભેકુબેન ખીમાભાઈ મકવાણા , ગીતાબેન કાંતિભાઈ બગડા, કમળાબેન ગીરીશભાઈ સોલંકી ,સવિતાબેન ભરતભાઈ સોલંકી, સેજલબેન ભરતભાઈ સોલંકી, સુનિતાબેન જેઠાભાઈ સોલંકીને પો.કોન્સ. પરેશભી દાફડાએ રોકડ રૂ/. ૧૦,૭૩૦ ના મુદામાલ સાથે ઝડપી પાડયા હતા. જયારે રેઈડ દરમ્યાન ભાનુબેન જોગી તથા સવિતાબેન સાજનભાઈ ગુજરીયા નાસી છુટયા હતા.

## મોણવેલની સીમમાં જીવતો વીજવાયર તુટતા બળદનું મોત

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) ધારી તાલુકાના મોણવેલ ગામની સીમમાં બાળભાઈ મુળજીભાઈ ગઢીયાના ખેતર પાસે રમેશભાઈ હીરાભાઈ છોટાળાએ ભાગીયું રાખેલ ખેતરના બળદને ચરાવતા હોય. તે ખેતરના શેઢે ડીપી ઉપર ૧૧ કે.વી.વીજલાઈન આવેલ હોય. જે ડી.પી.પાસે બળદ જતા લાઈનનો તાર તુટતા રૂ/.૩૦,૦૦૦ ની કિંમતના બળદને વીજશોક લાગતા મોત નિપજયાનું ધારી પોલિસ મથકમાં જાહેર કરેલ છે.

## બાબરીયાધારમાં આર્મીમેનનું સન્માન



આર્મીની તાલીમ પૂરી આવતા બાબરીયાધાર ગામના મિતુલભારથી મધુભારથી ગૌસ્વામીનું પ્રાંત અધિકારી દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું તે તસવીરમાં નજરે પડે છે. તસવીર અહેવાલ કનુભાઈ વરૂ

## શ્રી મોરારિબાપુનાં હસ્તે 'મેઘાણીના પગલે મેરની મે માનગત' પુસ્તકનું વિમોચન થયું



રાજુલા, (કનુભાઈ વરુ)કાકીડી રામકથામાં શ્રી મોરારિબાપુનાં હસ્તે 'મેઘાણીના પગલે મેરની મે'માનગત' વિમોચન થયું. અહી લેખક શ્રી રણછોડભાઈ મારુંએ રાજીપો વ્યક્ત કર્યો છે. શ્રી ઝવેરચંદ મેઘાણીથી પ્રભાવિત અને તેમની પ્રણાલી સાથે કાર્યરત પાલિતાણાનાં શ્રી રણછોડભાઈ મારું દ્વારા લિખિત 'મેઘાણીના પગલે મેરની મે'માનગત' પ્રકાશનનું વિમોચન શ્રી મોરારિબાપુનાં વિમોચન થયું અને અભિવાદન પણ કરાયું. મહુવા પાસે શ્રી મોરારિબાપુનાં વ્યાસાસને ચાલતી રામકથામાં આ વિમોચન વેળાએ પ્રારંભિક વિગત શ્રી હરિશ્ચંદ્રભાઈ જોષીએ આપી. વિમોચનમાં શ્રી નિલેશભાઈ વાડિયાયા જોડાયાં હતાં. આ પ્રસંગે લેખક શ્રી રણછોડભાઈ મારુએ મેર જ્ઞાતિના સહયોગ સાથે પ્રકાશન વિગતો આપી શ્રી મોરારિબાપુ પ્રત્યે અહોભાવ અને પોતાનો પ્રાસંગિક રાજીપો કર્યો.

## ગ્રહોની ચાલ



રોહિત જીવાણી ૯૪૨૬૪૭૧૪૭૦

### આજનું પંચાગ

તા ૨૪.૧૦.૨૦૨૪ ગુરુવાર ,સંવંત ૨૦૮૦ આસો વદ આઠમ , પુષ્ય નક્ષત્ર , સાધ્ય યોગ, બાલવ કરણ , આજે જન્મેલાંની ચંદ્રરાશિ કર્ક (ડ,હ) રહેશે .

મેષ (અ,લ,ઈ) : પ્રોપર્ટી અંગે યોગ્ય નિર્ણય લઈ શકો, જમીન મકાન વાહન સુખ સારું રહે,દિવસ પ્રગતિકારક રહે.
વૃષભ (બ,વ,ઉ) : નવા કાર્યમાં આગળ વધી શકો , સાહસ થી સિદ્ધિ પ્રાપ્ત થાય,આગળ વધવાની તક મળે.
મિથુન (ક,છ,ઘ) : ભાગીદારી માં કાળજી રાખવી પડે , આર્થિક બાબતોમાં મધ્યમ રહે,અન્ય બાબતો માં સારું રહે.
કર્ક (ડ,હ) : તમારા ખુદ માટે સમય કાઢી શકો, તમારા વ્યક્તિત્વનો વિકાસ થાય,યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય.
સિંહ (મ,ટ) : કેટલાક એવા બનાવ બને કે દિવસ દરમિયાન માનસિક વ્યગ્રતા અને ઉશ્કેરાટ રહે,સાંજ ખુશનુમા વીતે.
કન્યા (પ ,ઠ ,ણ) : ગણતરી વિનાના સાહસ ના કરવા સલાહ છે આવક કરતા જાવક વધી ના જાય તે જોવું,હિસાબ રાખવો.
તુલા (ર,ત) અગાઉ ના સમયમાં તમે કરેલા કાર્યના સારા પરિણામ આજે મેળવી શકો, કર્મના સિદ્ધાંત ને સમજી શકો , શુભ દિન.
વૃશ્ચિક (ન ,ય) : ઈષ્ટદેવની આરાધના થી લાભ થાય, ધ્યાન યોગ મૌન થી લાભ થાય,આધ્યાત્મિક ચિંતન થાય.
ધન (ધ,ભ,ફ,ઢ ): દિવસ દરમિયાન દોડધામ રહે , સાંજ પછી નસીબ સાથ આપતું જણાય,અંગત મિત્રો સાથે મતભેદ દૂર કરી શકો.
મકર (ખ,જ) : જાહેરજીવનમાં ધ્યાન આપી શકો, આંતરિક સંબંધોમાં સારું રહે,મનની વાત વ્યક્ત કરી શકો.
કુંભ (ગ ,સ,શ) :હિત શત્રુઓ થી સાવધ રહેવું,વધુ પડતા વિશ્વાસે ના ચાલવું, વ્યક્તિગત દેખરેખ થી કામ કરવું.
મીન (દ,ચ,ઝ,થ): પ્રણય માર્ગે આગળ વધી શકો,ગમતી વ્યક્તિ થી વાતચીત થાય, મનની વાત વ્યક્ત કરી શકો.

## સૌરાષ્ટ્રના માર્કેટ યાર્ડના બજાર ભાવો

### કપાસ ૭૪૦ થી ૧૬૭૦ મગફળી ૭૫૦ થી ૧૧૮૪

**અમરેલી માર્કેટ યાર્ડ**
શિંગમઠડી-૭૧૭-૧૦૮૨
શિંગમોટી-૭૫૦-૧૧૮૪
શીંગફાડા-૧૦૦૦-૧૨૦૦
તલસફેદ-૧૭૩૫-૨૭૬૫
તલકાળા-૨૩૦૦-૩૮૯૫
બાજરો-૪૨૩-૫૫૨
ઘઉંટુકડા-૫૦૦-૬૫૧
ઘઉંલોકવન-૫૫૩-૬૪૪
ચણા-૭૪૫-૧૪૭૧
કપાસ-૭૪૦-૧૬૭૦
ધાણા-૯૦૦-૧૩૦૦
સોયાબીન-૬૩૦-૮૬૬
અડદ-૬૪૦-૧૭૬૦
મગ-૫૦૦-૧૭૨૨
રજકાનુંબી-૨૫૦૦-૫૨૫૦
જીરૂ-૪૧૬૦-૪૫૭૦

**અમરેલી માર્કેટયાર્ડ**
બટેટા-૩૨૦-૫૮૦
રીંગણા-૫૦૦-૮૦૦
ફ્લાવર-૮૦૦-૯૦૦
કોબીઝ-૩૦૦-૪૦૦
ટમેટાં-૭૫૦-૧૦૦૦
ફોદીનો-૮૦૦-૧૦૦૦
ગાજર-૬૦૦-૮૦૦
ગલકા-૬૦૦-૭૦૦
કાકડી-૪૦૦-૫૦૦
ગુવાર-૧૦૦૦-૧૪૦૦
દુધી-૪૦૦-૪૫૦
તુરીયા-૮૦૦-૧૦૦૦
ભીડો-૬૦૦-૭૦૦
આદુ-૯૦૦-૧૦૦૦
કોથમીર-૮૦૦-૧૫૦૦
મેથીભાજી-૬૦૦-૭૦૦
ટીંડોરા-૯૦૦-૧૦૦૦
લીમડોમીઠો-૯૦-૧૧૦
મરચાલીલા-૪૦૦-૬૦૦
મુળા-૨૦૦-૪૦૦
લીંબુ-૧૦૦૦-૧૨૦૦
પાલક-૧૦૦૦-૧૨૦૦

**રાજુલાયાર્ડ**
બાજરો-૪૯૧-૫૮૦
સોયાબીન-૬૩૦-૭૭૦
ઘઉં-૪૮૮-૬૭૫
જુવાર-૭૩૫-૭૩૫
તલકાળા-3300-૩૫૦૧
તલસફેદ-૧૯૦૦-૨૫૬૦
અડદ-૧૦૩૬-૧૫૦૦
ચોળી-
શીંગ-૭૦૦-૮૦૮
મગ-૧૨૫૦-૧૨૫૦

**મહુવાયાર્ડ**
ઘઉં-૫૨૨-૬૬૬
ડુંગળીલાલ-૧૦૩-૭૭૫
તલસફેદ-૧૭૮૫-૨૩૭૨
અડદ-૧૦૫૫-૧૭૭૫
સોયાબીન-૬૬૦-૮૫૦
શીંગ-૯૦૦-૧૫૦૦
ડુંગળીસફેદ-૨૫૩-૫૦૦
નાળીયેર-૫૩૧-૨૪૭૮
બાજરી-૩૨૮-૫૭૧
જુવાર-૩૦૦-૭૦૮
એરંડા-૧૨૩૧-૧૨૫૫

**બાબરા યાર્ડ**
કપાસ-૧૪૧૦-૧૬૪૫
ઘઉં-૫૦૯-૬૫૧
મગફળી-૯૩૫-૧૧૬૫
જીરૂ-૪૦૪૦-૪૫૨૦
અડદ-૧૨૫૦-૧૪૭૦
તલસફેદ-૨૦૫૫-૨૪૯૫
સોયાબીન-૬૮૨-૭૪૮
મગ-૧૨૭૦-૧૫૬૦

**ધારી માર્કેટયાર્ડ**
કપાસ-૯૧૬-૧૪૪૪
અડદ-૭૮૦-૧૨૮૦
મગફળી-૬૦૦-૯૪૨
ઘઉં-૫૨૧-૫૮૦
ધાણા-૧૧૫૧-૧૧૫૧
સોયાબીન-૪૪૦-૭૭૯

**સાવરકુંડલા માર્કેટયાર્ડ**
શીંગમોટી-૮૧૦-૧૧૪૨
શીંગજીણી-૭૦૦-૧૦૭૩
અડદ-૧૧૬૭-૧૮૭૧
તલસફેદ-૨૧૦૦-૨૫૬૧
કપાસ-૧૧૫૦-૧૫૪૦
ઘઉંલોકવન-૪૫૧-૬૫૦
જીરૂ-૪૨૦૦-૪૬૭૨
ઘઉંટુકડા-૫૩૧-૬૭૨
ચણા-૯૦૦-૧૩૩૮
સોયાબીન-૫૮૧-૮૪૨
બાજરો-૪૭૫-૫૬૭

**ખાંભા માર્કેટયાર્ડ**
કપાસ-
અડદ-

**લીલીયા માર્કેટ યાર્ડ**
કપાસ-૧૦૨૮-૧૬૦૮

**બગસરા માર્કેટયાર્ડ**
કપાસ-૧૦૦૦-૧૬૫૧
અડદ-૯૦૦-૧૫૨૫
મગફળી-૬૮૨-૯૦૦
તલસફેદ-૧૮૩૫-૧૮૩૫
સોયાબીન-૫૨૫-૭૯૬
ઘઉં-૫૧૧-૫૯૪
ધાણા-૧૧૦૦-૧૧૮૬

**અમરેલીફ્રુટમાર્કેટભાવ**
ચીકુ-૧૨૦૦-૧૫૦૦
દાડમ-૧૮૦૦-૩૪૦૦
મુસંબી-૬૦૦-૯૦૦
સંતરા-૪૦૦-૩૨૦૦
કીવી-૫૫૦૦-૭૦૦૦
ડ્રેગન ફ્રુટ- ૧૪૦૦-૨૧૦૦
અનાનસ-૧૨૦૦-૧૬૦૦
જામફળ-૫૦૦-૧૦૦૦
કેળા-૪૦૦-૬૦૦
પોપૈયા-૭૦૦-૧૧૦૦
સીતાફળ-૪૦૦-૧૧૦૦
સફરજન કાશ્મીર-૧૨૦૦-૧૫૦૦

### અમરેલી આજનું તાપમાન

મહ ત્તમ તાપમાન 33.૪
ન્યુનતમ તાપમાન ૨૩.૮
ભેજનું પ્રમાણ ૭૭
પવનની ગતિ સરેરાશ ૦૦

શાંત અને રમણીય વાતાવરણ
સૌથી વિશાળ પાર્કિંગ ધરાવતી હોટેલ
24 X 7 ૨૪ કલાક માટે
એ.સી.રૂમ રૂા.૯૯૯
ડીલક્સ રૂમ રૂા.૧૧૯૯
હોટેલ હોલીડે
M.8238744144
HOLIDAY HOTEL
સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ,અમરેલી

ડ્રીમ ફેમિલી સ્પા - દિવાળી ધમાકા ઓફર
Dream Family spa
ડ્રીમ ફેમીલી સ્પા
ભાઈઓ માટે Rs.1499/- માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૬૦ મિનીટ (૧ કલાક)
બહેનો માટે Rs.599/- માં પ્રિમીયમ મસાજ
કપલ માટે Rs.1199/- માં પ્રિમીયમ મસાજ
Appointment Now Mo.8160832025
અયોધ્યા એપાર્ટમેન્ટ, ગ્રાઉન્ડ ફ્લોર, B વિભાગ, રોયલ અમોઝોન પાર્કની બાજુમાં અમરેલી

सत्यमेवजयते्
AVADH TIMES DAILY
# અવધ ટાઇમ્સ
સૌરાષ્ટ્ર
પાના નં ૫
તા. ૨૪-૧૦-૨૦૨૪ ગુરૂવાર

અમરેલી જીલ્લાનું સૌથી મોટુ અને સૌ પ્રથમ ફેમીલી સલૂન એટલે..
Raj Unisex Saloon
રાજ ફેમીલી સલૂન
ટ્રેન્ડ બાય : જાવેદ હબીબ
હેરકટ, કેરાટીન, હાઈલાઈટસ, સ્મુથનીંગ, બોટોક્ષ, નેનો પ્લાસ્ટી, ટેટુઝ, શાઈનર, નેલ આર્ટ, ફેશીયલ વીથ હાઈડ્રા, બ્રાઈડલ મેકઅપ, ગ્રુમ મેકઅપ, હેર એક્સટેન્શન, હેર રીપ્લેસમેન્ટ
એપોઈન્ટમેન્ટ નં. 02792-224551 / વોટસએપ : 90333 91778
ગીરીરાજ નગર, ઓમનગર મેઈન રોડ. ચિતલ રોડ. અમરેલી.

દિવાળી ધમાકા ઓફર ૮ વર્ષમાં પહેલીવાર
પ્રોફેશનલ ફેમિલી સ્પા હવે અમરેલીમાં અમારી બીજી બ્રાન્ચ
SINCE: 2018 (8 વર્ષ જુનું)
લેડીઝ માટે Rs.499/-
કપલ માટે Rs.999/-
ભાઈઓ માટે 1299/- માં એક સાથે એક ફ્રી
PROFESSIONAL spa
એપોઈન્ટમેન્ટ માટે
Mo. 70169 65665
Mo. 98242 65665
અમરેલી બ્રાન્ચ -૧ અયોધ્યા એપાર્ટમેન્ટ, એમેઝોન રોયલ પાર્ક પાસે, કેરીયા-લીલીયા રોડ બાયપાસ. Mo. 70169 65665
અમરેલી બ્રાન્ચ -૨ સરદાર કોમ્પ્લેક્ષ, કૈલાશ મુક્તિધામની સામે, કેરીયા બાયપાસ ચોકડી પાસે, Mo.98242 65665

ચૂંટણી સમયે આપેલા વચનો પાળી બતાવતા ધારાસભ્યશ્રી કસવાલા

## લીલીયાના સલડી ગામે ૯૦૦ વિઘાના તળાવના નવીનીકરણ માટે ૨.૪૨ કરોડની સૈધાંતિક મંજૂરી

### મુખ્યમંત્રીશ્રી પટેલ અને કેબીનેટ મંત્રી શ્રી બાવળીયાનો આભાર વ્યક્ત



સાવરકુંડલા,

સાવરકુંડલા લીલીયા પંથકમાં ખેડૂતો માટે બારે માસ ખેતી કરવાના સ્વપ્નને સાકાર કરવા કાર્યશીલ ધારાસભ્ય મહેશ કસવાળા કટિબદ્ધ બન્યા હોય ને ચૂંટણી સમયે આપેલા વચનો પાળી બતાવામાં સતત ગાંધીનગર મુખ્યમંત્રી સહિતના મંત્રીશ્રીઓ અને સચિવાલય માંથી વિકાસની કેડી કંડારતા ધારાસભ્ય કસવાળાએ લીલીયાના સલડી ગામે અંદાજે ૯૦૦ વિઘાના તળાવમાં નવીનીકરણ માટે ૨ કરોડ ૪૨ લાખની સૈધાંતિક મંજૂરી મેળવવા સલડી આસપાસના ૧૮ ગામડાઓનાં પાણીના તળ ઉંચા આવે ને ખેડુતો ખેતીપાક પર બારે માસ ખેતી કરવાના સ્વપ્નો સાકાર થયા તેવા પ્રયત્નો ધારાસભ્યની કુનેહથી સફળ થયેલા છે ૨.૪૨ કરોડ જેવી માતબર રકમની સૈધાંતિક મંજૂરી મળતાં ધારાસભ્ય મહેશ કસવાળાએ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળિયાનો સહર્ષ આભાર વ્યક્ત કર્યો હતો સાથે સાથે ખેડૂતોના હિત અને ખેડૂતો પ્રત્યે સંવેદનશીલ સરકાર દ્વારા તળાવ સાથે આસપાસના ગામડાઓની ખેતી સધ્ધર થાય તેવા અભિગમને પણ વધાવવામાં આવ્યો હતો ને લીલીયા પંથકના ખેડૂતોએ ધારાસભ્ય મહેશ કસવાળાની કાર્યદક્ષતાને બિરદાવી હતી તેવું સત્વ અટલધારા કાર્યાલયના ઈન્ચાર્જ જે.પી. હિરપરાએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

ઓક્ટોબર માસમાં થયેલ કમોસમી વરસાદથી

## કમોસમી વરસાદથી પાક નુકશાનીમાં પણ સરકાર કરશે સહાય : કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઇ પટેલ

### સૌરાષ્ટ્રના અમરેલી, બોટાદ, ભાવનગર, જામનગર રાજકોટ, ગીર સોમનાથ, દેવભૂમિ દ્વારકા અને સુરેન્દ્રનગર જેવા જિલ્લાઓનો સમાવેશ કરાયો

અમરેલી, નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈની તેમજ અન્ય ધારાસભ્યશ્રીઓ અને ખેડૂતોની ઓક્ટોબર માસમાં થયેલ કમોસમી વરસાદથી પાક નુકસાની સામે સહાય ચૂકવવા રજૂઆતો મળેલ છે. રાજ્યના કેટલાક આ માસમાં પાક નુકશાનના પ્રાથમિક અહેવાલ મળેલ છે. જેમાં દક્ષિણ ગુજરાતના ડાંગ, નવસારી, વલસાડ ,સુરત, તાપી તેમજ મધ્ય અને ઉત્તર ગુજરાતના છોટાઉદેપુર, નર્મદા, આણંદ, અમદાવાદ અને સૌરાષ્ટ્રના અમરેલી, બોટાદ, ભાવનગર, જામનગર રાજકોટ, ગીર સોમનાથ, દેવભૂમિ દ્વારકા અને સુરેન્દ્રનગર જેવા જિલ્લાઓનો સમાવેશ થાય છે. જેમાં મુખ્ય અસરગ્રસ્ત પાકો મગફળી, ડાંગર સોયાબીન કઠોળ અને શાકભાજી છે. આ કિસ્સાઓમાં પણ સત્વરે નિયમ અનુસાર કાર્યવાહી હાથ ધરાયેલ છે. તદ્દનુસાર ઓકટોબર માસ માટે સહાય પેકેજ માટે અમલવારી કરવામાં આવનાર છે.

## જાફરાબાદ કેળવણી ઉત્તેજક મંડળના ખજાનચી તેમજ કપોળ જ્ઞાતિના ભામાશાનું મુંબઈ ખાતે નિધન

### કપોળ જ્ઞાતીમાં વ્યાપી ગયેલી ઘેરા શોકની લાગણી



અમરેલી,

મૂળ જાફરાબાદના અને હાલ મુંબઈ રહેતા એવા જાકે મંડળના ખજાનચી શ્રી સ્વર્ગસ્થ અતુલભાઈ નારણભાઈ ગોરડીયા જે જાતે મંડળના વર્ષોથી ખજાનચી હતા જાફરાબાદ કેળવણી ઉત્તેજન મંડળ કરોડો રૂપિયાના ખર્ચે સ્કૂલ પ્રાથમિક શાળા બગીચાઓ વગેરે આ ટ્રસ્ટ દ્વારા લોક ઉપયોગી કર્યા છે આ દુઃખદ સમાચારથી જાફરાબાદ જાકે મંડળના પ્રમુખ શ્રી કિરીટભાઈ મહેતા તથા યોગેશભાઈ ગોરડીયા મંત્રી તેમજ જાફરાબાદના ચેમ્બર ઓફ કોમર્સના અગ્રણી હર્ષદભાઈ મહેતા તથા જાકે મંડળના પૂર્વ વિદ્યાર્થી અને માજી નગરપાલિકાના પ્રમુખ ભગુભાઈ સોલંકી તથા પ્રમુખ કનૈયાલાલ સોલંકી શ્રી રામાનંદી શ્રી હસન ખાઘોરી તથા મસ્જીદ ખા પઠાણ તથા તથા ફોટોગ્રાફર વિપુલભાઈ તથા ચેમ્બર પ્રમુખ જયેશભાઈ ઠાકર તથા કનુભાઈ વરુ તથા વિપુલભાઈ લહેરીરાજુલા જાકે મંડળમાં અભ્યાસ કરેલા વિદ્યાર્થીઓએ શોક વ્યક્ત કર્યો હતો

ખેડુતોને વન્ય પ્રાણીઓ હેરાન ન કરે તે માટે

## રાજુલા પંથકમાં ખેડુતોએ ઓનલાઇન પૈસા ભર્યા છતા હજુ ખેતરોમાં મેડા બન્યાં નથી..

### વન વિભાગ દ્વારા સર્વેની કામગીરી પણ હજુ કરવામાં આવી નથી ?

રાજુલા, (કનુભાઈ વરૂ) સરકારશ્રી દ્વારા અને વિમ વનવિભાગ દ્વારા ખેડૂતોને સિંહ પશુધનનું જે અન્ય પ્રાણીઓ હેરાન ન કરે તે માટે વન વિભાગ અને દ્વારા સબસીડી માં ખેડૂતો માટે સરકારે યોજના કાઢી અને ખેડૂતોના ખેતરે મેડા તૈયાર કરી આપવા માટે ૬૦૦૦ રૂપિયા ઓનલાઇન ભરવાથી વનવિભાગ મેડા તૈયાર કરી દે છે આ વિસ્તારના ખેડૂતોનું કહેવું છે કે બેમહિના ઉપરાંત સમય થયો આજ દિન સુધી મેળાની કામગીરી કે સર્વેની કામગીરી પણ વન વિભાગ કરવામાં આવી નથી પરિણામે ખેડૂતો રાત્રિના રોકાણ ખેતરમાં કરે તો સિંહ મરણ પણ કરી શકે છે બીજી તરફ જો મેડા હોય તો ખેડૂતો મેળા ઉપર રાત્રે બેસી અને લાઈટ થી પણ પોતાના ખેતરોમાં બાંધેલા પશુઓ લાઈટ થી પણ જોઈ શકાય અને કોઈને રંજાળ ન કરે તે માટે મેડા જે ખેતરોમાં ઊભા કરવામાં આવે છે જે મેડા જાફરાબાદ વિસ્તારના હેમાળ ટીંબી છેલણા જીકાદ્રી ઘણાખરા ગામમાં ઓનલાઈન થી પૈસા ભરી દીધા છે પરંતુ આજથી જ સુધી મેળાની કામગીરી ન થતા આ વિસ્તારમાં ખેડૂતોના પશુઓ કે માનવ સુરક્ષિત નથી તેવું ખેડૂતોનું કહેવાનું છે ત્યારે આમ ઓનલાઇન હોવા છતાં સરકાર ગમે તેટલી યોજના મંજૂર કરે પરંતુ વન વિભાગ આ યોજના ક્યારે સહકાર કરશે તેની ઉપર આ વિસ્તારના ખેડૂતોની મીટ છે તેમજ હજુ આ વિસ્તારમાં મેડાની યોજનાનો વધુમાં વધુ ખેડૂતોને લાભ મળે તે માટે પાછી યોજના શરૂ કરવી જોઈએ અને મંજુર થયેલા અને ઓનલાઈન થી પૈસા ભરેલા ખેડૂતોને ઝડપી વન મેડા કરી આપવામાં આવે જેથી આ યોજના સરકારની સાકાર થાય.

## અમરેલી અને કુંકાવાવ તાલુકાના ગામોમાં ફ્લડ પ્રોટેક્શન વોલના કંસ્ટ્રકશન કામ માટે ૧ કરોડ ૩૫ જેવી માતબર રકમ મંજૂર કરાવતા કૌશિક વેકરિયા

### અમરેલીના ધારાસભ્ય અને સરકારના નાયબ મુખ્ય દંડક કૌશિક વેકરિયાની રજૂઆતથી વિકાસલક્ષી કામોને મળી સૈધાંતિક મંજૂરી



અમરેલી,

ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક અને અમરેલી વિધાનસભાના જાગૃત ધારાસભ્ય કૌશિક વેકરિયા રાજ્ય સરકારને જિલ્લાના સર્વાંગીણ વિકાસ માટેની રજૂઆતો સતત ભારપૂર્વક કરતા આવ્યા છે. જે અન્વયે નર્મદા, સંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ હેઠળના વિવિધ ચાર કામોની મંજૂરી મળતા ટૂંક સમયમાં જ આ કામો શરુ કરવામાં આવનાર છે. જેમાં અમરેલી તાલુકાના વડેરા ગામે રોકડીયા હનુમાન મંદિર પાસે ફ્લડ પ્રોટેક્શન વોલના કંસ્ટ્રકશન કામ માટે રૂપિયા ૨૬.૪૨ લાખ મંજૂર કરવામાં આવેલ છે. અમરેલી તાલુકાનાં દહિડા ખાતે પણ ફ્લડ વોલના કંસ્ટ્રકશન કામ માટે રૂપિયા ૩૧.૧૫ લાખ જેવી રકમ મંજૂર કરવામાં આવી છે. એજ રીતે કુંકાવાવ તાલુકાનાં નાની કુંકાવાવ ખાતે ફ્લડ પ્રોટેક્શન વોલના કંસ્ટ્રકશન કામ માટે રૂપિયા ૪૫.૫૮ લાખની રકમ તથા કુંકાવાવના દેવગામ પાસે ફ્લડ પ્રોટેક્શન વોલના કંસ્ટ્રકશન કામ માટે રૂપિયા ૩૧.૫૦ લાખની રકમના કામની સૈધાંતિક મંજૂરી મળતાં રૂપિયા ૧ કરોડ ૩૫ લાખ જેવી રકમના વિકાસકાર્યોની જનતાને ભેટ મળશે. આમ ઉપર મુજબના ગામોને સ્પર્શતા કામો મંજૂર થવાથી આગામી દિવસોમાં આ કામો ત્વરિત હાથ ધરી પૂર્ણ કરવામાં આવશે. એમ કૌશિક વેકરિયાની અખબારી યાદીમાં જણાવવામાં આવે છે.

## રાજુલામાં નવરાત્રી ઉત્સવ યોજાયો

### હવેલી ચોક ગરબી યુવક મંડળ દ્વારા આયોજન



રાજુલા, (કનુભાઈ વરૂ)

હાલમાંજ નવરાત્રી પર્વ મનાવાય ગયું છે તેમાં ૧૨૫ વર્ષનો જેનો સમગ્ર રાજુલા માટે ગૌરવ કહી શકાય તે હવેલી ચોક યુવક મંડળ દ્વારા નવરાત્રી પર્વ નું મુજબ એક ભવ્ય નવરાત્રી પર્વ નું આયોજન કરવામાં આવેલ હતું.

વિશેષતા એ છે કે આ ચોકમાં આપણી પ્રાચીન પરંપરા કહો કે સંસ્કૃતિ એ મુજબ અહી નાની નાની બાળાઓ દ્વારા અહી માત્ર ગરબાઓ ઉપર રાસ રમાય છે. કે જે અલગ અલગ ૧૦. રાસ હોય છે. જે જોવા માટે મહેરામણ ઉમટી પડે છે.

આ પર્વ માં ધારાસભ્યશ્રી હીરાભાઈ સોલંકી, શ્રી અંબરિશભાઈ ડેર, મુંબઈના ધરમદાસભાઈ મહેતા, મનુભાઈ ધાખડા વડલીવાળા, પીઠાભાઈ નકુમ, મહેન્દ્રભાઈ ધાખડા, શારદુલભાઈ લાખનોત્રા, એમ.ઠાકર રુદ્રગણ ગ્રુપ, સોની વેપારી મંડળ, વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દળ, આર,આર,એસ. પરિવાર સહિત મંડળે ભારે જહેમત ઉઠાવી હતી. તેમ ઘનશ્યામભાઈ મશરૂની યાદીમાં જણાવાયું છે.

મહુવાનાં કાકીડી ગામે રામકથામાં પુજ્ય મોરારિબાપુનાં ચાબખા

## ધર્મના નામે ભેદ ઉભો કરનારને કથા નહીં સમજાય : મોરારિબાપુ

### રામકથામાં મહુવા પંથકમાંથી જનમેદની ઉમટી : અનેરો માહોલ



રાજુલા, (કનુભાઈ વરૂ)

ધર્મનાં નામે ભેદ ઊભો કરનારને કથા નહિ સમજાય તેમ કાકીડી ગામે રામકથામાં ટકોર કરતાં શ્રી મોરારિબાપુએ કહ્યું. રામાયણ 'અભણ' થઈને વાંચજો, આપણાં જેવાં 'ઠોઠ' નો પણ 'ઠેઠ'નો ગ્રંથ છે. 'માનસ પિતામહ' વર્ણન સાથે મહાભારત તેમજ આપણાં લોકસાહિત્યનો સમન્વય કરીને શ્રી મોરારિબાપુએ કથા પ્રવાહમાં ટકોર કરતાં ધર્મનાં નામે ભેદ ઊભો કરનારને કથા નહિ સમજાય તેમ જણાવ્યું. રામાયણ 'અભણ' થઈને વાંચજો, આપણાં જેવાં 'ઠોઠ' નો પણ 'ઠેઠ'નો ગ્રંથ છે. જોકે, વિદ્વતા સાથેનું અધ્યયન પણ જરૂરી છે, આમ છતાં આપણને આ સરળ છે, તેમ ઉમેર્યું. 'સિંહાસન પર ત્રિભુવન સાંઈ, દેખિ સુરન્હ દુદુંભિ બજાઈ, તારન તરન હરન સબ દૂષણ, તુલસીદાસ પ્રભુ ત્રિભુવન ભૂષણ. - આ ચોપાઈને કેન્દ્રમાં રાખી શ્રી ત્રિભુવનદાદાનાં પૂણ્ય સ્મરણ સાથે 'માનસ પિતામહ' રામકથા વર્ણન કરતાં શ્રી મોરારિબાપુએ પ્રારંભે દુર્ગા સપ્તશતી ગાન મહિમા વર્ણવ્યો. રામકથા પ્રવાહમાં શ્રી મોરારિબાપુએ બાલકાંડ પ્રકાશ આપનાર તેમજ દીવા રૂપ ગણાવી તે ઓલવાશે નહિ તેમ કહ્યું. આપણાં ઉત્કર્ષનું મૂળ ન ભૂલવા ભાર મૂકતાં શીખ આપી કે, જો તમારું મૂળ ભૂલશો તો કદાચ પ્રગતિ તો થશે પણ શાંતિ નહિ આવે.! આ સાથે અયોધ્યા કાંડ એ અજવાળા પછી પ્રેમ આપનાર ગણાવ્યો. પાંડવો તથા હનુમાનજીને શિક્ષા, દીક્ષા ભિક્ષા અંગે વ્યાસપીઠ પરથી શ્રી મોરારિબાપુએ પ્રસંગ વર્ણનો સાથે કહ્યું કે, પાંડવોને શિક્ષા દ્રોણાચાર્યે આપી, દિક્ષા ભીષ્મે આપી અને ભિક્ષા કૃષ્ણે આપી આવી જ રીતે હનુમાનજીને શિક્ષા સૂર્યે આપી, દિક્ષા રામે આપી અને ભિક્ષા જાનકીએ આપી. શ્રી મોરારિબાપુએ ભાવવાહી શ્લોક અને લોકનાં સમન્વય સાથે કાકીડીનાં ત્રિભુવનઘાટ પર યોજાયેલ રામકથા છે, તેમ ભાવ વ્યક્ત કર્યો. આજની કથામાં મહાભારત અને તે સંદર્ભે થયેલ સાહિત્ય સર્જન ઉલ્લેખ કરતાં શ્રી મોરારિબાપુએ શ્રી નાનાદાદા ભટ્ટ સાથે શ્રી સચ્ચિદાનંદજી સ્વામી, શ્રી દિનકર ભાઈ જોષી, શ્રી ગુણવંતભાઈ શાહ સહિત ઘણાંનું સ્મરણ કર્યું હતું.

### અવસાન નોંધ

બગસરા - ભાયાવદર

વાણિયા સોની સ્વ. બાલકૃષ્ણભાઈ જગજીવનભાઈ લાઠીગરા ના ધર્મપત્ની લતાબેન ઉ.વ. ૬૯ નું તા. ૨૩/૧૦/૨૦૨૪ને બુધવાર ના રોજ શ્રીજી ચરણ પામેલ છે તે નીલાબેન સંજયભાઈ જૂનાગઢ (મો. ૯૧૦૬૩૨૦૦૭૨), પ્રીતિબેન જેતપુર, હીનાબેન વિપુલભાઈ રાજપરા બગસરા વાળા ના માતુશ્રી થાય સદગત નું બેસણું તા. ૨૪/૧૦/૨૦૨૪ને ગુરુવાર ના રોજ બપોર માં ૪થી ૬ રાખેલ છે.

ધારી

રસીકભાઈ હરીદાસભાઈ રાજા (ઉ.વ.૯૨) વંથલીવાળા તે કિરીટભાઈ અને જગદીશભાઈ રાજાના પિતાશ્રી તથા રવિ અને લખનનાં દાદાનો તા. ૨૩ ના અવસાન થયુ છે તેમનું બેસણું તથા સસરા પક્ષની સાદડી તા. ૨૪ ગુરૂવારે સાંજે ૪ થી ૫ આત્મેશ્વર મંદિર રણછોડનગર, જલારામ સ્વીટ સામે, શ્રીનાથ નગરની બાજુમાં, જુનાગઢ રાખેલ છે.

લાયન્સ ક્લબ ઓફ અમરેલી સીટી દ્વારા

## ધારીમાં વિનામુલ્યે નેત્ર નિદાન, નેત્રમણી આરોપણ કેમ્પ યોજાયો

### ખેતલ્યા દાદાના મંદિરે કેમ્પમાં દર્દીઓ ઉમટી પડ્યાં



તસ્વીરઃ-અરૂણ ભટ્ટ

અમરેલી, લાયન્સ કલબઝ ઈન્ટરનેશનલની વિવિધ સામાજિક પ્રવૃત્તિઓ અંતર્ગત અંધત્વ નિવારણ દૂર કરવાના હેતુસર લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી) અને ધારી તાલુકા વિશ્વ હિન્દુ પરિષદ તેમજ સુદર્શન નેત્રાલય અમરેલી સહયોગથી પાંચમો વિનામૂલ્યે નેત્ર અને નેત્રમણી આરોપણ કેમ્પ ખેતલીયા દાદા મંદિર ધારી મુકામે તા. ૨૨-૧૦-૨૦૨૪ ને મંગળવાર સવારે ૯-૦૦ કલાકે આયોજીત કરવામાં આવેલ હતો. આંખના રોગ જેવા કે મોતિયો, જામર, વેલ, પરવાળા, ત્રાંસી આંખ, કીકી, પડદા તથા આંખના અન્ય રોગોની તપાસ નિષ્ણાત ડો. પલકબેન મોદી અને તેની ટીમ દ્વારા કરવામાં આવેલ હતી. જરૂરિયાતમંદ દર્દીઓને નેત્રાલય અમરેલીમાં લાવીને મોતિયાના ટાંકા વગરના ઓપરેશન કરી નેત્રમણી બેસાડી આપેલ છે. નેત્ર જાળવણી અને જાગૃતિ અંગેની ૫,૦૦૦ પત્રિકાનું વિતરણ કરવામાં આવેલ હતું. આ કેમ્પમાં ૫૦ આંખરોગના દર્દીઓએ લાભ લીધો હતો અને ૧૪ દર્દીઓને નેત્રમણી આરોપણ કરવામાં આવેલ હતું. દરેક દર્દીઓના બ્લડ પ્રેશર તેમજ બ્લડ સુગર ચકાસવામાં આવેલ. આ ઉપરાંત જરૂરિયાતમંદ વ્યક્તિઓની આંખના નજીક તથા દુરના નંબરની તપાસ કરી કેમ્પ સ્થળ ઉપર નંબર પ્રમાણે રાહત ભાવે ૧૧ વ્યક્તિઓને ચશ્મા બનાવી આપવામાં આવેલ હતા. આ કેમ્પને સફળ બનાવવા માટે લાયન્સ ક્લબ ઓફ અમરેલી (સીટી) તરફથી પૂર્વ પ્રમુખ લાયન પ્રા.એમ.એમ.પટેલ, સેક્રેટરી લાયન ભદ્રેશસિંહ પરમાર, ટ્રેઝરર લાયન સાહસ ઉપાધ્યાય અને દાદામંદિરના શ્રી જીગ્નેશભાઈ શેઠ તેમજ ધારી તાલુકા વિશ્વ હિન્દુ પરિષદના શ્રી શિવરાજભાઈ વાળા અને શ્રી મુન્નાભાઈ ભાદરવા તેમજ સુદર્શન નેત્રાલય તરફથી શ્રી કિર્તીભાઈ ભટ્ટ અને નિલેશભાઈ ભીલની ટીમ દ્વારા જહેમત ઉઠાવવામાં આવેલ હતી તેમ લાયન્સ ક્લબ અમરેલી (સીટી)ના પ્રમુખ લાયન મનોજભાઈ કાનાણીની યાદી જણાવે છે

## ગીરસોમનાથ પંથકના વિવિધ વર્તમાન

ગીરસોમનાથ બ્યુરો ચીફ સંજય રાઠોડ

### વેરાવળ જીઆઈડીસીમાં ગેસની પાઈપલાઈન લીક થતા શ્વાસ રૂધાય જતા એક નુ મૃત્યુ

ગીર સોમનાથ,

વેરાવળ જીઆઈડીસીમાં મચ્છીની ની કંપની માં મશીન ઓપરેટર તરીકે ફરજ બજાવતા યુવાનનું ગેસ લીક થતા શ્વાસ રૂધાય જતા મૃત્યુ થયેલ છે. વેરાવળ જીઆઈડીસીમાં પ્રેસટીઝ મચ્છીની કંપનીમાં રાત્રે ૨ વાગ્યે ગેસ ના મશીન માં પાઈપ લાઈન માં ગેસ લીક થતા ગેસ ઓપરેટર તરીકે ફરજ બજાવતા બીજ ગામના રવિ હરજી મેર ઉ. ૨૩ નો શ્વાસ રૂધાય જતા ગંભીર હાલતમાં સારવાર માં લાવેલ હતા જેનું મૃત્યુ થયેલ હત આ બનાવ ની વ્હેલી સવારે ૬ વાગ્યે પરેશભાઈ મેર એ પોલીસમાં જાણ કરેલ હતી.

મચ્છીની કંપનીમાં અચાનક ગેસ લીક થવાના બનાવ થી ભારે હોબાળો મચી ગયેલ હતો રાત્રીનો સમય હોવાથી બીજી કોઈ મોટી જાનહાની થયેલ નથી કંપની દ્વારા બનાવ બહાર ન આવે તે માટે પ્રયત્ન થયેલ હોય તેવા કામદારો દ્વારા આક્ષેપ થયેલ છે પણ ગેસ ઓપરેટર તરીકે ફરજ બજાવતા યુવાનનું મૃત્યુ થતા આ બનાવ બહાર આવેલ છે પોલીસે ફરીયાદ નોધી તપાસ હાથ ધરેલ છ.

## મહુવા પંથકનાં વિવિધ વર્તમાન

મહુવા બ્યુરો ચીફ નિતેશ ગૌસ્વામી

દિવાળી પર્વે સનાતન ધર્મની સંસ્કૃતિ જીવંત રાખવા

### મહુવામાં દિવાળી પર્વે દિપ વિતરણ કાર્યક્રમ યોજાયો

લાયન નેચર યુથ ફાઉન્ડેશન અને જગદંબા ગૃપ મહુવાનું સંયુક્ત આયોજન



મહુવા, દિપાવલી ના પર્વે પર સનાતન ધર્મ ની સંસ્કૃતિ ને જીવંત રાખવા હેતુસર નિશુલ્ક દિપ વિતરણ કાયેક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાયેક્રમ મા ઉપસ્થિત રહેલા શ્રી અનિલભાઈ ડોડીયા ,શ્રી ગૌતમભાઈ પંડ્યા ,ધારાસભ્ય શ્રી શિવાભાઈ ગોહિલ, શ્રી શરાફ સોની બજાર એસોસિએશન, મહુવા ના પ્રમુખ શ્રી ચેતનભાઈ સાગર (આપા), પત્રકાર શ્રી રણજીતભાઈ વાળા, જયેશભાઈ ગુજરીયા મેમોરિયલ ટ્રસ્ટ નાં મંત્રી શ્રી નિલેશભાઈ ગોહિલ, હાઈકોર્ટે ના વકિલ શ્રી મનિષગિરી ગૌસ્વામી, જગદંબા ગૃપના પ્રમુખ શ્રી મિનાબેન સાંકળીયા ના વરદ્ હસ્તે દિપ પ્રાગટય કરીને આ નિશુલ્ક દિપ વિતરણ કાયેક્રમની શરૂઆત કરવામાં આવી હતી. આ નિશુલ્ક દિપ વિતરણ કાયેક્રમ ની સેવા કરતાં લાયન નેચર યુથ ફાઉન્ડેશન ગીર ગુજરાત અને જગદંબા ગૃપ- મહુવા (ભારતીય નારી) ના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવી હતી. આ નિશુલ્ક દિપ વિતરણ ની સંપૂર્ણ સેવા તમામ જગદંબા ગૃપના બહેનો એ કરી હતી

## જુનાગઢ પંથકનાં વિવિધ વર્તમાન

જુનાગઢ બ્યુરો ચીફ હિતેષ પારેખ

### જુનાગઢ મહાપાલિકાએ દબાણદારને નોટીસ ફટકારી

રૂપીયા ૨૨ કરોડ ભરવા મહાનગરપાલિકા દ્વારા હુકમ કરાયો

જુનાગઢ, (હિતેષ પારેખ)

જુનાગઢ મહાનગરપાલિકા વિસ્તારમાં મોજે મહાનગરપાલિકા જુનાગઢને ઝાંઝરડા ગામમાં સર્વે નં ૮૭ પૈકીની જમીનનુ બિનખેતી થતાં મહાનગરપાલિકા જૂનાગઢને ટી.પી. રિઝર્વેશન પ્લોટ તથા જાહેર રસ્તો સર્વે નં ૮૭ પૈકીમાં મળેલ છે. સ્થળ પર ચકાસણી કરતાં અત્રેની કચેરીની પૂર્વ મંજૂરી વગર સુચિત ટી.પી. રિઝર્વેશન પ્લોટમાં સોરઠ પબ્લિક સ્કૂલ દ્વારા બાંધકામ કરી દબાણ કરવામાં આવેલ. આ દબાણ અન્વયે મ.ન.પા. બજેટ જોગવાઈ આધીન ભાડુ વસુલવા પ્રતિ દિનના રૂ.૩,૪૦,૨૩૬/- લેખે તા.૦૧/૦૪/૨૦૨૩ થી તા.૨૦/૧૦/૨૦૨૪ સુધીના કુલ રૂ.૧૯,૩૦,૮૩,૯૩૦/- તથા સરકારશ્રીનો જી.એસ.ટી. રૂ.૩,૪૭,૫૫,૧૦૮/- આમ કુલ મળી રકમ રૂ.૨૨,૭૮,૩૯,૦૩૮/- ભરપાઈ કરવા. અન્યથા મુદત પૂર્ણ થયે ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ તળે નિયમાનુસારની આગળની કાર્યવાહી હાથ ધરી મ.ન.પા દ્વારા આ ગેર-કાયદેસર દબાણ દૂર કરી જેનો તમામ ખર્ચ સોરઠ પબ્લિક સ્કૂલ પાસેથી વસુલવા કમિશનરશ્રી ડો. ઓમપ્રકાશના આદેશ અન્વયે માન.નાયબ કમિશનરશ્રી એ.એસ.ઝાંપડાની સુચનાથી આસી. કમિશનર (ટેક્સ) શ્રી કે.જી.ટોલીયા દ્વારા નોટીસ પાઠવવામાં આવેલ છે. વધુમાં જણાવવાનું કે, આ પ્રકારે મહાનગર પાલિકા, જુનાગઢ માલિકીની જમીન ઉપર દબાણ કરતા તમામ આસામીશ્રીએ નોંધ લેવા એક અખબારી યાદીમાં જણાવાયું છે.

## કચ્છ-ભુજ પંથકનાં વિવિધ વર્તમાન

કચ્છ બ્યુરો ચીફ જયશ્રી મહેતા

### દિવાળીનાં તહેવાર અંતર્ગત ભુજ શહેરમાં ટ્રાફિક નિયમન માટે જાહેરનામુ બહાર પડયુ

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટે જરૂરી આદેશો સાથે જાહેરનામું બહાર પાડયું

ભુજ, ભુજ શહેરના અંદરના વિસ્તારો જેવા કે જુની શાક માર્કેટ, તળાવ વાણીયાવાડ, નવી શાક માર્કેટ, મહેરઅલી ચોક, અનમ રીંગરોડ, છઠ્ઠીબારી રીંગરોડ, વિગેરે વિસ્તારોમાં ખૂબ જ ભીડ રહેતી હોઈ તેમજ આ વિસ્તારોમાં પાર્કિંગની વ્યવસ્થા ન હોઈ વાહનો આડેધડ પાર્ક થતા હોઈ ટ્રાફિકની સમસ્યા ખૂબ જ વણસવા પામે છે. આ વિસ્તારોના રસ્તાઓ પર ટ્રાફિક નિયમન માટે પોલીસ અધિક્ષકશ્રી, પશ્ચિમ કચ્છ-ભુજના તા.૧૪/૧૦/૨૦૨૪ વાળી દરખાસ્ત મિતેશ પંડયા, અધિક જિલ્લા મજિસ્ટ્રેટ, કચ્છ ભુજ દ્વારા ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૩(૧)(બી) મુજબ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. આ જાહેરનામાં અન્વયે તા.૨૪/૧૦/૨૦૨૪થી તા.૦૨/૧૧/૨૦૨૪ સુધી સવારના ૭.૦૦થી રાત્રિના ૨૩.૦૦ કલાક સુધી થ્રી વ્હીલર અને ફોર વ્હીલર વાહનો છઠ્ઠીબારી રીંગરોડ, અનમ રીંગરોડ, ફરસાણી દુનિયા ત્રણ રસ્તા અને નવી શાક માર્કેટથી અંદર જતા રસ્તા પર પસાર થઈ શકશે નહીં. વાણીયાવાડ નવી શાક માર્કેટથી તથા અનમ રીંગ રોડની આસપાસના રહેવાસીઓ પંચમુખા હનુમાન શેરીથી આવ-જા કરી શકશે. ઓપન એર થિયેટર (જુનું સીટી બસ સ્ટેશન ગ્રાઉન્ડ), વી.આર.પી. ગેસ્ટહાઉસની બાજુમાં ભુજ-કચ્છ, ખાતે વૈકલ્પિક હંગામી પાર્કિંગ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. આ જાહેરનામું સરકારી ફરજ પરના વાહનો, ફાયર ફાઈટર તેમજ પોલીસ અધિક્ષકશ્રી, પશ્ચિમ કચ્છ, ભુજ અધિકૃત કરે તેવા વાહનોને લાગુ પડશે નહીં.

